॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

જુલાઈ ૨૦૧૧
રૂ. ૫/૦૦





**શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિભવન અમદાવાદનું ખાતમુહૂર્ત કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા મહંત સ્વામી સાથે યજમાનો તેમજ ઉપસ્થિત ભક્ત સમુદાય**

# આપણી વેબસાઈટ





Shree Swaminarayan
Temple Bhuj

With the launch of our new site last year, bhujmandir.org is now host to one of the largest collection of spiritual and religious content on the internet. Our aim is to continue to evolve dynamically and embrace changing technology to deliver spiritual enhancement to you directly. Our ethos centres upon making Satsang easily accessible!

The website enjoys over a 100,000 unique views a month, so make sure you take full advantage and don't miss out! Here are a few things we have to offer...

## Website Highlights

**Daily Darshans**
Darshans from over 22 mandirs worldwide, including live darshan from Bhuj! Available to view online or from your phone.

**iPhone & Android Apps**
Apps to make satsang easy and convenient. Enjoy live darshans, audio, scriptures & articles on the go!

**Massive Audio Collection**
With over 130 Kirtan albums & Kathas, there are countless hours of audio to listen online or download for free!

**Learn something new**
A collection of articles and stories to inspire, teach and provide an insight into a more spiritual way of living.

**Free Wallpapers**
A collection of wallpapers to give your computer or mobile a spiritual look.

**Scripture Collection**
Scriptures are the key to true knowledge and a true way of living. Unlock the power of your soul.

**Facebook**
Join us on Social platforms such as Facebook and Twitter, together with 2000+ strong followers.

**Youtube Channel**
100's of hours of videos from children's animations to the playback of the Nutan Mandir Mahotsav.

- દરરોજના દર્શનથી માંડી સત્સંગના દેશ-વિદેશના તાજા અહેવાલો
- વિશ્વના ભાવિકો માટે અનેક ભાષાઓમાં ઉપલબ્ધ સંપ્રદાયના સત્સંગનું સમૃદ્ધ સાહિત્ય
- ફ્રી ડાઉનલોડ સમગ્ર સાહિત્ય, સી.ડી., વી.સી.ડી., ડી.વી.ડી.

and much more on

www.bhujmandir.org

# ગામશ્રી મેઘપર મધ્યે બહેનો તથા પુરુષોના નૂતન મંદિરમાં ઠાકોરજીની મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે ઉજવાયેલ મહોત્સવની આછી ઝલક



પોથીયાત્રામાં જોડાયેલ બહેનો



પોથીયાત્રામાં જોડાયેલ ભાઈઓ



અભિષેક કરતા પ.પૂ. મહારાજશ્રી



મૂર્તિપ્રાણ પ્રતિષ્ઠા



વિષ્ણુયાગ કરતા હરિભક્તો



હવનકુંડમાં ઘી હોમતા પ.પૂ. મહારાજશ્રી તથા મહંત સ્વામી



વિશાળ ભક્ત સમૂદાય



વિશાળ શોભાયાત્રા



શોભાયાત્રામાં ઉપસ્થિત પ.પૂ. મહારાજશ્રી



શ્રી ઘનશ્યામ મહોત્સવ



શ્રી ઘનશ્યામ મહોત્સવમાં દિલ દઈને રાસલીલા કરતા યુવાનો



રાત્રી સાંસ્કૃતિક કાર્યક્રમ

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

।। યાવજ્જીવં ચ શુશ્રૂષા કાર્યા ।।

।। માનવસેવા પ્રભુસેવા।।

ધર્મ, જ્ઞાન, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

## લેખકોને ખાસ વિનંતી

- ❖ આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- ❖ લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- ❖ લેખક એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- ❖ કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ❖ ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- ❖ કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- ❖ સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

### :: લવાજમ ::

| | |
|---|---|
| દેશમાં :- ✔ | આજીવન સભ્ય રૂા. ૫૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં :- ✔ | આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

- ❖ અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.
- ❖ પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

**:: E-mail ::**
sandesh@bhujmandir.org
info@bhujmandir.org
**:: website ::**
www.bhujmandir.org.

પૂર્વ સામયિક ‘શ્રી સ્વામિનારાયણ સંદેશ’
કુલ્લ વર્ષ ૧૮, કુલ્લ અંક ૧૯૬

હાલે ‘શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ’
વર્ષ - ૧૦, અંક - ૭ - જુલાઈ-૨૦૧૧
સળંગ અંક - ૩૦૮

પ.પૂ.ધ.ધૂ ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

**-:: સંસ્થાપક ::-**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**-:: માલિક ::-**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**-:: પ્રકાશક અને મુદ્રક ::-**
સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**-:: તંત્રી ::-**
શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**-:: સહતંત્રી ::-**
શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી
સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી

**: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ :**
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય,
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : (૦૨૮૩૨) ૨૫૦૪૩૧
ટેલીફેક્સ (૦૨૮૩૨) ૨૫૦૧૩૧

## તંત્રીની કલમે...

આજ કળિયુગમાં પરચા પુરે પ્રભુજી,
સ્વામિનારાયણ સત્ય છે.

બુધ્ધિની સમજમાં ન આવે તેવી અતિ અદ્‌ભુત ચમત્કારી ઘટનાઓ અવતારી પરમાત્મા દ્વારા કે સિધ્ધદશાને પામે સિધ્ધ મહાત્માઓ દ્વારા ઘટતી હોય છે. આવી ઘટનાઓ પરચા તરીકે સ્વીકૃતિ પામે છે અથવા પ્રભુની લીલા તરીકે ખ્યાતિને પામે છે. આશ્ચર્યજનક બનાવો બીજી રીતના પણ બનતા હોય છે. પણ તે પરચાનું સ્થાન મેળવતા નથી. પરચામાં અસાધારણ પ્રભાવ, પ્રતાપ, સામર્થિ હોય છે. અને તે ઈશ્વરી અવતારની કે સિધ્ધપુરુષની ઓળખની ખાત્રી કરાવતું લક્ષણ છે.

મદારી, જાદુગર, નટ, ભુવા, કીમિયાગર, સર્કસના પાત્રો પણ આશ્ચર્યકારી ક્રિયાઓ, હેરતભર્યા જે પ્રયોગો બતાવે છે તે ખેલમાત્ર હોય છે. તેમાં વૈજ્ઞાનિક સાધનો, રસાયણો, હાથ ચલાકી, તાલીમ દ્વારા મેળવેલી કુશળતાની કરામતનું પ્રદર્શન હોય છે. પરચા દ્વારા પરમાત્મા તથા સિધ્ધ મહાત્મા પ્રત્યે જે ભક્તિભાવ પેદા થાય છે, તે ભક્તિભાવ હેરતભર્યા ખેલ બતાવનાર પ્રત્યે થતો નથી. માત્ર અહોભાવ જન્મે છે.

શ્રીજી મહારાજે પ્રસંગોપાત વિવિધ પરચા આપી પોતાની ઐશ્વર્ય સામર્થિ બતાવેલી છે. ઝીણાભાઈના દરબારમાં જેટલા સાધુ એટલાં રૂપ ધરી રાસ રમ્યા, લાલજી સુથારને દરિયાકાંઠે વીરડો ખોલવી મધુર પાણી પાયું, અભણ પ્રાગજી પુરાણી પાસે શ્રીમદ્ ભાગવતની કથાઓ કરાવી, ઘેલાનદીને કાંઠે નિદ્રાધીન ગોવિંદરામ ભટ્ટને ઊંઘતા જ બુરહાનપુર પહોંચાડી દીધા, મંદિરના ચોકમાં રાખેલાં પુતળાંને સોટી અડાડીને નચાવ્યાં ! સ.ગુ. સ્વામી નિષ્કુળાનંદમુનિએ ભક્તિચંતામણી ગ્રંથમાં શ્રીહરિના અનેક પરચાનું વર્ણન કર્યું છે.

સિધ્ધ મહાત્માઓએ આપેલા પરચા જોઈએ તો શ્રીમદ્ નૃસિંહ સરસ્વતીજીએ હાથનો સ્પર્શ કરી લોખંડનું સોનું કરી આપ્યું, દિવાળીના દિવસે આઠ રૂપ ધારણ કરી આઠ ગામોમાં આઠ ભક્તને ઘરે રોકાયા, પોતાના સમર્પિત શિષ્યને શ્રીશૈલ (પર્વત) ઉપર ઉત્સવના સમયસર દર્શન માટે અવકાશગમન કરીને લઈ ગયા.

આ સામર્થિનું રહસ્ય શ્રીજી મહારાજે ગ.મ. ૨૦ માં સમજાવતાં કહ્યું છે કે નિવૃત્તિધર્મ પામીને તપ વૈરાગ્યે યુક્ત જીવ સમાધિ સ્થિતિમાં બ્રહ્મરૂપ બને તો તેની સામર્થિ વૃધ્ધિ પામે છે અને સર્વ ક્રિયાઓ કરવાની શક્તિનું અધિકપણું પ્રાપ્ત થાય છે. બ્રહ્મની શક્તિ એવી છે કે તે કાષ્ઠ, પાષાણ જેવા જડ પદાર્થમાં પ્રવેશ કરીને તેનું હલનચલન પણ કરાવી શકે છે. સ.ગુ. ગોપાળાનંદ સ્વામીએ સારંગપુરમાં કષ્ટભંજન હનુમાનજીદેવની પ્રતિષ્ઠા સમયે મૂર્તિને દૃષ્ટિમાત્રથી થરથર ધ્રુજાવી હતી એ ઘટના સંપ્રદાયમાં સુપ્રસિધ્ધ છે.

ઈન્દ્રિયો નિવૃત્તિધર્મ પામીને તપ વૈરાગ્યયુક્ત રહે તો તેથી ઈન્દ્રિયોની સામર્થિ વધે છે અને સિધ્ધ અવસ્થા પ્રાપ્ત થાય છે. આ સામર્થિ વડે અન્ય લોકમાં ગમન, દૂર શ્રવણ, દૂર દર્શન વગેરે સિધ્ધિઓ મેળવે છે.

પ્રવૃત્તિ ધર્મ પ્રધાનપણે હોય અને નિવૃત્તિધર્મ તથા તપ વૈરાગ્ય સામાન્ય હોય અને સમાધિ થાય તો ફક્ત જ્ઞાનની જ વૃધ્ધિ થાય. જનક રાજા જેવું જ્ઞાન થાય. પણ શુકે સનકાદિક જેવી સિધ્ધદશા પ્રાપ્ત ન થાય.

બ્રહ્મસ્વરૂપ તથા સિધ્ધદશાને પામવા નિવૃત્તિધર્મમાં રહી સમાધિ તપવૈરાગ્યની સાધના કરનાર ઉપાસકો માટે શ્રીજી મહારાજે આ વાત કરી છે. જ્યારે પોતે તો પરબ્રહ્મ પરમાત્મા પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છે. ઈતિ. જય શ્રી સ્વામિનારાયણ.

# સમાગમે સંત

- ધરમશીભાઈ દેવશી ભગત (રવાપર હાલે ત્રિવેન્દ્રમ્)

## વિશ્વંભર ભટ્ટ થયા આત્માનંદ

વિશ્વંભર ભટ્ટ આસોદર ગામે જઈ વસેલા. તેમના એક યજમાનની પુત્રી નામે વાલબાઈ હતી. ભટ્ટજીના એક શિષ્ય માનગર ગોંસાઈને ભાવથી જમાડીને વાલબાઈએ પૂછ્યું. ભેખમાં ભગવાન મળશે એમ જાણી તમને જમાડું છું. તો સાચું બતાવો પ્રભુ કેમ મળશે ? ગોંસાઈએ કહ્યું, બહેન તમારા જે ભટ્ટજી છે તે જ મહાન વ્યક્તિત્વ છે. તેમને ભાવથી જમાડીને રાજી કર. પ્રભુને પામવાની પ્રતીતિ જરૂર થશે.

વાલબાઈએ ભટ્ટજીને જમવાનું આમંત્રણ આપ્યું. જેવા ભટ્ટજી જમવા આવ્યા કે વાલબાઈએ તેમના પગ પકડી લીધા. તમે ઈશ્વર છો માટે પગ નહીં મુકું. ભટ્ટજી કહે, હા મહાપુરુષ છીએ હવે પગ મુકો. છતાં પગ ન મૂક્યા. ત્યારે ભટ્ટજીએ એક પગ ઊંચો કરી વાલબાઈના કપાળે અંગૂઠો અડાડ્યો. વાલબાઈને સમાધિ થઈ ગઈ. શરીર જાણે મડદું બની ગયું. ભટ્ટજીએ તેમની માને પૂછ્યું, આને આથી પહેલાં આમ થતું હતું. માતાએ કહ્યું, ના આ પહેલી વખત જ થયું છે. ૧૫ દિવસ સમાધિમાં નીકળી ગયા. માતાએ ગભરાઈને ફરી વખત ભટ્ટજીને બોલાવ્યા. ભટ્ટજીએ આવી પાછો પગનો અંગૂઠો કપાળે અડાડ્યો કે સમાધિ પૂરી થઈને વાલબાઈ જાગી ગયાં. ભટ્ટજીને ઈશ્વર સ્વરૂપ માન્યા. વાલબાઈ પરણેલી હતી પણ પછી વૈરાગ્ય ઉત્પન્ન થતાં સાસરે ન ગઈ. સાસરાં રખેને તેડવા આવી જશે પણ મારે જવું નથી. ભટ્ટજીને કહ્યું મને તમે કાશીની યાત્રા કરાવો. ભટ્ટજી કહે મારે પણ સંસારમાં રહેવું નથી. હું સાધુ બનીશ પછી તને કાશીની યાત્રા જરૂર કરાવીશ. ભટ્ટજીએ ગોપાળયોગી પાસે દીક્ષા લીધીને આત્માનંદ નામ ધારણ કર્યું.

દીક્ષા લઈ સ્વામી પાછા આસોદર ગામે આવ્યા. વાલબાઈને સાથે લઈ કાશીની યાત્રા કરવા નીકળ્યા. લાઠી ગામે વાલબાઈને ભગવાં ધારણ કરાવ્યાં. કાશીએ જતાં ત્યાં એક ધર્મશાળામાં ઉતરેલા. ત્યાં એક બીજી બાઈનો મેળાપ થયો જે નાઘેરની કુંભારણ નામ હરબાઈ હતું. તે પણ વૈરાગ્યવાન હતી ને પ્રભુ મેળવવા યાત્રા કરવા નીકળેલી. બન્ને ભેગી થતાં સખીઓ બની ગઈ. વાલબાઈએ હરબાઈને કહ્યું પ્રભુ મેળવવાની ઈચ્છા હોય તો આત્માનંદ સ્વામી છે તે મહાપુરુષ છે, તેનો સમાગમ કરતાં અંતરમાં જરૂર શાંતિ થશે. પછી બન્ને એકસાથે સ્વામીની શિષ્યા બની ને રહેવા લાગી. ત્યાંથી આ ત્રણે જણે ગોકુળમાં આવી મંદિરની કોઈ ધર્મશાળામાં ઉતારો કર્યો. તે જગ્યાનો મહંત બાવો શેઠ લોકો તરફથી અપાતી રસોઈ નોંધતો ને તે તે દિવસે યાત્રાળુને જમાડતો. રસોઈનો વારો જલદી આવતો નહીં તેથી યાત્રાએ આવેલ ભોજન નોંધાવી પૈસા આપી નીકળી જતા. આ મહંત પછી મિષ્ટાન પોતે ને પોતાના સ્ટાફ માટે બનાવતોને યાત્રાળુને ભાખરીને શાક જેવું સાદું ભોજન જ આપતો. આમ હું ખોટું કરું છું તેવું તેને ન લાગતું. ખાંડ અને ઘી ગોળથી ભંડાર ભરેલા રહેતા. જે પોતાના માટે જ હતા. ગામમાં બધાને ખબર કે મહંત આવું કરે છે પણ કોઈ સામે આવીને કહેતા નહીં કોઈ વૃધ્ધ કે બિમાર સાધુ સંત હોય જેની પાસે પૈસો ટકો ન હોય તેવાને ધર્મશાળામાં ઉતરવા ન દેતો ને ઉતરેલા હોય તો ગેટઆઉટ કરી દેતો.

આત્માનંદ સ્વામીએ આ મહંતને પાઠ ભણાવવાનો વિચાર કરી પોતાના પગે મધ લગાડી

પાટા બાંધ્યા જેથી માખીઓ લાગી રહે ને કોઈ બાજુમાં પણ ન આવે. કોઠારીએ સ્વામીને સીધું લઈ બીજી જગ્યાએ જઈ રાંધી ખાજો તેમ કહ્યું. સ્વામીએ વિનંતી કરી કે હું બિમાર માણસ છું, ચલાતું નથી. દયા કરો. મહંતને દયા આવી, રોકાઈ જવા કહ્યું. તે દિવસે મહંત પોતાના માટે માલપુવા, દૂધપાક, ભજીયાની રસોઈ કરેલી. જમવાની પંક્તિમાં આત્માનંદને પણ બેસાડ્યા. પીરસેલી રસોઈ સામે નજર કરી સ્વામી જોરથી બોલ્યા આ રસોઈ કોઈ જમશો નહીં. આમાં ઘણાં જીવ-જંતુ પડેલા છે. બધાએ તે રીતે જોયું તો જંતુ દેખાયા. રસોઈ બધી ખાડો ખોદીને દાટી દીધી. સૌ ભૂખ્યા રહ્યા.

સ્વામી સવારમાં ચાલી નીકળ્યા. બધા સાધુ ભેગા થઈ વિચાર કર્યો. આ મહાપુરુષ હોવા જોઈએ. આપણને શીખ દેવા માટે જ આ દેખાડ્યું લાગે છે. નહીં તો ગરમા-ગરમ રસોઈમાં જીવ-જંતુ ક્યાંથી હોય ? પછી સ્વામીને શોધવા ગયા પણ સ્વામી હાથમાં ન આવ્યા. સ્વામી ત્યાંથી અમદાવાદ, રાજકોટ, કોઠારીઆ થઈ ત્રંબા ગામે પધાર્યા. અહીં જુક્તાનંદ અને મુક્તાનંદને શિષ્ય કર્યા. ત્યાંથી સરધાર થઈ લોઢવા ગામે પધાર્યા. અહીં લખુબાઈ ચારણને શિષ્યા બનાવી. સ્વામીએ હજારોજનોને પોતાનો ઐશ્વર્ય પ્રતાપ દેખાડી આશ્રિત બનાવેલા.

ઘણા આહિર લોકો આત્માનંદ સ્વામીના શિષ્ય હતા. એક વખત ધ્રોફા ગામે આહિર જ્ઞાતિનું મોટું સંમેલન (મેળો) ભરાનાર હતું. બધા આહિર લોકોને ત્યાં સગાં વહાલાં સહિત પધારવા આમંત્રણ અપાયેલ. આહિર લોકોએ પોતાના ગુરુ આત્માનંદ સ્વામી, હરબાઈ, વાલબાઈ તેમજ જુક્તાનંદ-મુક્તાનંદને આ મેળામાં પધારવા આગ્રહ કર્યો. સ્વામીએ કહ્યું, મેળો જરૂર જોવો છે પણ આપણાં વિરોધીજનો પણ ત્યાં ઘણા હશે. તેઓ આપણને જોઈને ઉપદ્રવ કરશે. માટે કોઈ ઓળખે નહીં એ રીતે જઈશું. આ પાંચે જણાએ કાઠી દરબારોને છાજે તેવો વેરાપલટો કર્યો. જામનગરી જરીઆનવાળાં ધોતિયાં પહેર્યાં. અંગરખા પહેર્યા ને હાથમાં ઢાલ-તલવારો લીધી.

મેળામાં ગામ ગામની મંડળીઓ હતી. સ્ત્રી-પુરુષોના નાચ-ગાન ને મુજરા ચાલુ થયા. જેવું આજે ક્લબોમાં હોય છે તેવું વાતાવરણ જોયું. મર્યાદા જેવું કંઈ હતું નહીં. એક ઠેકાણે સ્ત્રીઓ નાચતી હતી ને ગાતી હતી. સાહેબો જરૂર જન્મ લેશે ને બાવો કાંકરીએ ડેરા દેશે. પણ આનો મર્મ કોઈ જાણે નહીં કે કાંકરીએ ડેરા દેવવાળા બીજા કોઈ નહીં પણ ભગવાન સ્વામિનારાયણ હશે. ખાકી બાવાઓ કે જેઓ રામકીઓવાળા તેમજ છોકરાંવાળા હતા, તેના અખાડા પણ હતા. આ અખાડામાં ગાંજા, અફીણ ને હોકાનું સેવન થતું હતું. સ્વામીને આ ગમ્યું નહીં તેથી તેઓએ થોડે દૂર જઈ ઉતારો કર્યો. આત્માનંદ સ્વામી તથા તેના શિષ્યોએ મેળાના કોઈ કાર્યક્રમમાં ભાગ ન લીધો ને જમ્યા પણ નહીં તેથી લોકોને શંકા થઈ કે આ બ્રાહ્મી બાવો છે ને જરૂર ભુરકી નાખશે માટે કાઢી મૂકો. લોકો ઘેરી વળ્યા તે ભાગી જવા કહ્યું. આ આહિર લોકોનો મેળો છે, તમે ક્યાં આહિર છો. અમે તમને તેડાવ્યા પણ નથી માટે જીવતા રહેવું હોય તો ભાગી જાવ નહીંતો હાડકાં ભંગાઈ જશે. આ ધમકી સાંભળી ઘણા આહિરોએ તલવારો કાઢી પણ સ્વામીએ વાર્યા. આપણને ધીંગાણું કરવું નથી. ઘણા આહિરો નારાજ થઈ સ્વામી ભેગા ચાલી નીકળ્યા. અડધો ગાઉ દૂર ગયા હશે ત્યાં મેળામાં એક જોરદાર વંટોળ આવ્યો. ડેરા તંબુ ઉખડી ગયા. રાંધેલા અનાજ ધૂળધાણી થઈ ગયાં. ઘણાનાં માથાં ભાંગ્યા. ઘણાના હાથપગ ભાંગ્યા. છોકરાં સહિત બાવાઓની રામકીઓમાં રભરાડ મચી ગઈ. ચલો ભાગ નીકલો મર જાયેંગે. હિંદી બોલતા-બોલતાં બાવાઓ ભાગી છૂટ્યા.

# નાકના રોગો

- મહેન્દ્ર બી. દવે (માંડવી)

## શરદી (સળેખમ) CHSTON COLD

ઘરગથ્થુ ઉપચાર : ❖ સૂંઠ, મરી, તુલસીના પાનનો ઉકાળો પીવો. ❖ આદુનો રસ, મધ એક-એક ચમચી સવાર-સાંજ પીવો. ❖ ફુદીનો અને આદુનો ઉકાળો સવાર-સાંજ પીવો. ❖ લીંબુના રસમાં આદુનું કચુંબર અને સિંધવ નાખી પીવું. ❖ સૂંઠ નાખેલું પાણી ઉકાળી તે પીવામાં લેવું. ❖ ફુદીનાના રસના ટીપાં નાકમાં નાખવાથી પીનસ (સળેખમ) મટે છે. ❖ સૂંઠ, તલ અને ખડી સાકરનો ઉકાળો બે વખત પીવો. ❖ તુલસી, સૂંઠ, મરી અને ગોળનો ઉકાળો દિવસમાં ત્રણ વાર પીવાથી શરદી મટે છે. ❖ યુકેલીપ્ટસ તેલનું છાતી, પીઠ અને નાક પર માલીશ અથવા કપૂર સૂંઘવું.

ઉપરના ઉપાયો પોતાની તાસીર પ્રમાણે બે-ત્રણ સાથે પણ કરી શકાય.

અપથ્ય : દૂધ, દહીં, છાશ, માખણ, ઘી, ગળપણ પચવામાં ભારે ખોરાક બંધ, પંખાની સતત હવા તેમજ બારીમાંથી આવતી ઠંડી હવાથી દૂર રહેવું, ફ્રિઝનું ઠંડુ પાણી ન પીવું. કફ કરે તેવો ખોરાક બંધ. ઉજાગરા, અતિશય તાપ, મિષ્ટાન આ વસ્તુઓ ત્યાગ કરવો. શરદી, સળેખમમાં ઉપવાસ કરવો રામબાણ ઉપાય છે. તો એક થી બે દિવસના ઉપવાસ ગરમ પાણી અને ઉકાળા પર રહી શકાય. ઉપવાસ છોડતી વખતે હલકો ખોરાક લેવો.

શરદીની દવા : (૧) નાક બંધ થઈ જતું હોય અને શ્વાસ લઈ શકાતો ન હોય તો રાતે સુતી વખતે દિવેલ ગરમ કરી તેના બે-બે ટીપાં નાકમાં નાખવા (૨) બહુ જુના શરીદી-સળેખમમાં રાત્રે સુતી વખતે ષડ્‌બિંદુ તેલના ત્રણ ટીપાં નાકમાં પાડવા. (૩) સારી ફાર્મસી (બૈદ્યનાથ, લાયન, ઝંડુ) વગેરેની વ્યોપાદિવટીની ગોળીઓ રોજ દિવસમાં ૩-૪ ચૂસવી.

સાઈનસની દવા : (૧) નાક બંધ થઈ શ્વાસ લેવામાં પડતી તકલીફમાં રાત્રે સુતી વખતે દિવેલના બે-ત્રણ ટીપાં નાકમાં પાડવા. (૨) ખાતરીવાળા મધપુડાનું મીણ તેની ૨-૩ ગોળીઓ ગળવાથી નાક ખુલ્લું થઈ જાય છે. ચોખ્ખું મીણ ઘરમાં રાખવું. (૩) થોડી છીંકો આવે અને માથું હલકું પડે તે માટે છીંકણી અથવા મરી પાવડર સૂંઘવો. (૪) મહાબહ્નિ વિલાસવટી સારી ફાર્મસીની લાવી સવાર-સાંજ ૨-૨ ગોળી ગરમ પાણી સાથે લેવી. સાયનસ માટે આ દવા ઘણી સારી છે.

નસકોરીની દવા : લોકભાષામાં નાકોડી ફૂટવી એમ કહેવાય છે. પિત્તપ્રકોપને કારણે થતા આ રોગમાં ગરમ મસાલેદાર ચીજો અથાણા, મરચાં વગેરે બંધ કરવા, તડકામાં ફરવું નહીં. પેટ સાફ ન આવતું હોય તો (૧) સ્વાદિષ્ટ વિચેન અથવા ત્રિફળાચૂર્ણ રાત્રે સુતી વખતે એક ચમચી ગરમ પાણી સાથે લેવી. (૨) કાળી દ્રાક્ષ ચાર દાણા, ખજુર ચાર પેસી, ગરમ પાણીમાં ચોળી થોડી સાકર નાખવી. પછી દિવસમાં બે વખત પી જવું. શેરડીનો રસ, ગુલાબ, ફાલસા કે અન્ય શરબતો પી શકાય. આથી પિત્તપ્રકોપ શાંત થશે. (૩) થોડી ફટકી લઈ થોડા પાણીમાં ઓગાળી તેમાં સ્વચ્છ રૂ ભીંજવી નાકમાં ખોસી રાખવું. (૪) જીરું, ઘી અને સાકર મેળવી એક ચમચી સવાર-સાંજ ચાટવું. આ ઉપરાંત માથાને કપાળ પર ઠંડા પાણીની ધાર થોડીવાર કરવી. મૂળમાં આ પિત્તપ્રકોપનો રોગ હોવાથી ઠંડકના ઉપચારો કારગત નીવડી શકે.

(આવતા અંકે દાંતના રોગો)

જય શ્રી સ્વામિનારાયણ

- જનકભાઈ એન. ભટ્ટ

# પંચામૃત

पयो दधि धृतं चैव मधु य शर्करायुतम् । पचामृत मयानीतं स्नानार्थं प्रतिगुह्यताम् ॥

આ શ્લોકમાં પ્રભુને પ્રાર્થના કરતાં કહેવાયું છે 'દૂધ, દહીં ઘી, મધ અને સાકરથી યુક્ત પંચામૃત તમારા સ્નાન માટે લાવ્યો છું માટે તેનો સ્વીકાર કરો'

ગણપતિની પૂજા કરતા હોઈએ કે લક્ષ્મીપૂજન હોય, બાલકૃષ્ણની પૂજા કરતા હોઈએ પંચામૃતનો અભિષેક કર્યા વગરની પૂજા અધૂરી જ રહેતી હોય છે. ભગવાનને દૂધ, દહીં, ઘી, સાકર અને મધથી નવડાવવા પાછળ એક ખાસ પ્રકારની ભાવના રહેલી છે. આપણી પ્રગતિ કે વિકાસ આપણી આત્મોન્નતિને માટે ઉપરના પાંચ પ્રતીકો ખૂબ જ માર્ગદર્શક રૂપ છે. તેમાં સુંદર ભાવને ધ્યાનમાં રાખવાનો છે.

પંચામૃતમાં રહેલું દૂધ એ શુભ્રતાના પ્રતીક રૂપે છે. આપણું જીવન શુભ્ર બને, આપણું ચારિત્ર્ય ઉજ્જવળ બને, જીવનમાં આપણી કીર્તિ પણ શુભ્ર બને, આપણા કર્મો શુધ્ધ બને, મન વિકાર રહિત થાય. આપણું હૃદય નિર્મળ અને પવિત્ર રહે તેવો ઉમદા ભાવ વ્યક્ત કરાયો છે. આપણા સંતો, ઋષિઓ, મહાપુરુષો ભગવાનને સવિશેષ ગમે છે. કારણ કે તેઓ મન, વાણી, કર્મથી નિર્મળ હોય છે.

દૂધનું સ્નાન કરાવતી વખતે જે મંત્ર બોલાય છે તેમાં જણાવેલ છે.

कामधेनो : समुभ्दूतं देवर्षिपितृ तृप्तिदम् । पयो ददामि दैवेशस्नानार्थ प्रति गुह्यताम् ॥

હે પ્રભુ ! કામધેનુ ગાયનું, દેવ, ઋષિ અને પિતરોને તૃપ્તિ આપનાર આ દૂધ હું તમને આપું છું તે દૂધનો તમે સ્નાન માટે સ્વીકાર કરો.

વિશુધ્ધ બુધ્ધિ એ જ કામધેનુ અને ગાય એ ઉપનિષદોનું પ્રતીક છે. ઉપનિષદરૂપી ગાય તેમાંથી કામધેનુરૂપ શુધ્ધ બુધ્ધિ દ્વારા દોહન કરેલ વિચારરૂપી દૂધ માનવીને પુષ્ટિ આપનારું છે. આવું દૂધ જે અમૃત સમાન છે તે સમાજને આરોગ્ય આપનારું અને દેવ, ઋષિ અને પિતરોને તૃપ્તિ આપનારું બની શકે છે. કહેવાનું તાત્પર્ય છે કે માણસની બુધ્ધિ ઈશ્વર - સમર્પિત હોય અને શાસ્ત્ર નિષ્ઠા ધરાવતી હોય તો તેમાંથી જ ઉદ્ભવતા વિચારો દૂધ જેવા સફેદ હોય અને તેના થકી ધવલ સમાજનું નિર્માણ થાય.

દૂધના સ્નાન પછી દહીંથી સ્નાન કરાવવાનું હોય છે. ત્યારે આ મંત્ર બોલવામાં આવે છે.

चंद्रमंडलसंकाशं सर्वदेवप्रियंदधि । स्नानार्थ ते मयादत्तं प्रीत्यर्थं प्रतिगृह्यताम् ॥

ચંદ્ર જેવું ધવલ અને બધા દેવોને પ્રિય એવું દહીં સ્નાન માટે અર્પણ કરું છું, કૃપા કરીને તેનો સ્વીકાર કરો. દહીંમાં સ્નેહનો ભાવ રહેલો છે. દહીંનો ખાસ ગુણ એ છે કે તે બીજાને પોતાના જેવું બનાવે છે. દહીંમાં બીજાને બદલાવવાની શક્તિ છે. તે દૂધમાં ભળી જઈને દૂધને પણ પોતાના જેવું બનાવી દે છે. પોતાના દેશના સંસ્કાર, સંસ્કૃતિની સુવાસ અન્ય દેશમાં ફેલાવવાની છે. પોતાનું વ્યક્તિત્ત્વ હેમખેમ રાખે, બીજાની વિકૃતિઓ ન સ્વીકારે. બીજાને પોતાના જેવા સત્શીલ અને સદ્વૃત્તિના બનાવે એવા પ્રકારની બુધ્ધિ ભગવાનના ચરણે ધરવાની છે સાથે શુભ હેતુ રહેલો છે.

દધિ સ્નાન પછી ધૃતસ્નાન આવે છે. ઘીની વિશિષ્ટતા તેની સ્નગ્ધતામાં રહેલ છે.

नवनीतसमुत्पन्नं सर्वसंतोषकारकम् । धृतं तुभ्यं प्रदास्यामि स्नानार्थं प्रतिगृह्यताम् ॥

નવનીતથી નિર્માણ થતું અને સૌને સંતોષ આપનાર ઘી હું તમને સ્નાનાર્થ અર્પણ કરું છું. કૃપા કરીને

તેનો સ્વીકાર કરો. ભગવાનને ઘી થી સ્નાન કરાવતી વખતે ખ્યાલ રાખવાનું છે કે આપણું જીવન ઘી જેવું સ્નિગ્ધ અને સ્નેહભર્યું બનાવવાનું છે. સંબંધો સ્નેહથી ભરેલા હોય, હૂંફ આપનારા હોવા જોઈએ. જ્યાં સ્નેહ ત્યાં કર્કશતા નથી.

ઘી ના સ્નાન પછી ભગવાનને મધથી સ્નાન કરાવાય છે.

तरुपुष्प समुदभूतं सुस्वादु मधुरं मधु । तेजः पुष्टिकरं दिव्यं स्नानोर्थं प्रति गृह्यताम् ॥

તરુપુષ્પથી નિર્માણ થતું સ્વાદિષ્ટ, મધુર,તેજ, પુષ્ટિદાયક એવું દિવ્ય મધ હું સ્નાન માટે અર્પણ કરું છું તો તેનો સ્વીકાર કરો.

મધમાં મીઠાશ છે, પરંતુ મધ પુષ્ટિદાયક છે. આપણું જીવન પણ પુષ્ટ થતું રહેતું હોવું જોઈએ. મધમાં શક્તિ છે. આપણા જીવનમાં શક્તિનો સંચાર થવો જોઈએ. જીવનમાં ભક્તિની શક્તિથી પુષ્ટ થાય તે જોવાનું છે.

મધના સ્નાન પછી છેલ્લે ભગવાનને સાકરથી સ્નાન કરાવવાનું છે.

द्रक्षुसारसमुद्‌भूतो शर्करा पुष्टिकारिका । मलापरारिको दिव्या स्नानार्थं प्रतिगृह्यताम् ॥

શેરડીમાંથી પેદા થવાવાળી, પુષ્ટિ આપનાર, મલાપહારિ એવી દિવ્ય સાકર હું તમને સ્નાન માટે અર્પણ કરું છું તો તેનો સ્વીકાર કરો.

જીવનમાં સાકર જેવી મીઠાશ લાવવાની છે. જીવનમાં બધું હોય પણ મીઠાશ જ ન હોય તો જીવન નિરર્થક છે. સમાજમાં રહેવું હોય તો મીઠાશ લાવવી જ પડશે. વાણીમાં મીઠાશ રાખવી.

સાકર જેમ પોતાનું અસ્તિત્વ ઓગાળી નાખીને દૂધમાં મીઠાશ લાવી દે છે તેમ મહાપુરુષોએ પણ પોતાના અસ્તિત્વને ઓગાળી નાખી સમાજમાં મધુરતા પેદા કરવાની છે. પ્રભુભક્તિમાં માનવીનો અહંકાર ઓગળે નહીં તો જીવનમાં ફિકાશ રહેશે.

ભગવાનને પંચામૃતથી સ્નાન કરાવવામાં આપણી ભક્તિ પ્રગટ કરવામાં આવે છે. તેનું રહસ્ય સમજીએ તો તેના પાનથી આપણા જીવનમાં આવા ઉમદા ગુણો વિકસે છે. પંચામૃતની શુભ્રતા, પરિવર્તન શક્તિ, સ્નિગ્ધતા, પુષ્ટિદાયકપણું અને મધુરતા આવા ગુણો આપણા જીવનમાં વિકસે તેવી અભિલાષા સેવવામાં આવે છે.

# અભિમાન નરકનું દ્વાર છે

- જગદિશ ગોરસીયા
(કાર્ડિફ-યુ.કે.)

ભગવાનના હજારો નામ પૈકીનું એક નામ ગર્વગંજન છે. એટલે કે અભિમાન કરનાર માણસ ભગવાનનો થઈ શકતો નથી. આપણે મહાભારત, રામાયણમાં જોઈએ તો રાવણ અને દુર્યોધનનું મૃત્યુ અભિમાનને લીધે જ થયું.

એકવાર ભીમને થોડું અભિમાન આવી ગયું. એ જમવા બેઠો અને એની મા તેને પીરસવા માટે આવી ત્યારે ભીમે એની માને કીધું કે આ દુનિયામાં તારા દીકરા ભીમ કરતાં કોઈ બળવાન છે કે નહીં બોલ. મા કાંઈ બોલ્યા નહીં એને ખબર હતી કે અભિમાન કરવું સારું નહીં. અને કાંઈ બોલ્યા નહીં એટલે ભીમે કાંઈ ખાધું નહીં અને ઊઠીને જતો રહ્યો. આવું બે-ત્રણ દિવસ ચાલ્યું. ભીમને એની માના મોઢે સાંભળવું હતું કે હું જ બધાથી બળવાન છું. પણ એની મા કે નહીં. એટલી ભીમ ઘરેથી બહાર નીકળી ગયો અને જંગલમાં ચાલતો થયો.

ચાલતાં-ચાલતાં એણે જોયું. રસ્તામાં એક મહા કાયાવર માણસ રસ્તાની વચ્ચે સૂતો હતો. અને એ ભીમના રસ્તામાં હતો એટલે ભીમે એક ડુંગર (નાનકડો પર્વત) ઉપાડીને એના ઉપર ફેંક્યો. ત્યારે એ માણસે કહ્યું કે, એ છોકરા મારી ઉપર કાંકરીચાળો શા માટે કરશ ? હવે હું તને મારી નાખીશ. પણ સાંજે સૂરજ ડૂબે ત્યાં સુધી મારે ઊંઘ કરવી છે. ત્યાં સુધી તારાથી જેટલું અંતર કપાય એટલું કાપીને ભાગી જા પણ સૂરજ ડૂબે એના પહેલાં હું તને પકડીને ખાઈ જઈશ.

ભીમ તો ડરી ગયો. એ તો માંડ્યો ભાગવા. એને મનમાં થયું કે આ તો કોઈ મારાથી બળવાન લાગે છે. એના માથે આખો ડુંગર નો ઘા કર્યો પણ તેને કાંકરીચાળો લાગે છે. ભાગતાં-ભાગતાં એને એક બીજો મહાકદાવર માણસ મળ્યો. એ રસ્તાની વચ્ચે ઊભો હતો અને એના બન્ને હાથના કાંડા કાપેલા હતા. ભીમે એની મદદ માંગી અને એણે કહ્યું કે ચિંતા ન કરીશ. મારી પાછળ સંતાઈ જા. અને ભીમ તો એની પાછળ સંતાઈ ગયો. ત્યાં તો પેલો મહાકદાવર માણસ સૂરજ ડૂબતાં જ ભીમને શોધતો શોધતો આવ્યો અને પેલા માણસને પૂછ્યું કે તેં એક છોકરાને અહીંથી નીકળતાં જોયો છે ? અને પેલા માણસે કીધું કે એ આ રહ્યો મારી પાછળ. ભીમને થયું કે આ પહેલાં મને આશરો આપે છે અને પછી પાછો મરાવી નાખે છે. પણ જેવો પેલો કદાવર માણસ બાજુમાં આવ્યો એટલે આ ઠૂંઠા હાથવાળા માણસે એને બે હાથે બાથ ભરીને પકડી લીધો અને ભીમને કહ્યું કે જા તું ભાગી જા. જ્યાં સુધી તું તારા ઘરે નહીં પહોંચે ત્યાં સુધી હું આને મૂકીશ નહીં. તું ભાગી જા.

ભીમ તો ઘરે ભાગવા નીકળ્યો પણ રસ્તામાં વિચાર આવ્યો કે હું મારી જાતને બળવાન માનતો હતો પણ મારાથી બળવાન તો પેલો કદાવર માણસ કહેવાય અને એનાથી બળવાન તો પેલો ઠૂંઠા હાથવાળો માણસ કહેવાય અને એનાથી બળવાને જેણે એના હાથ કાપ્યા એ કહેવાય.

ભીમ તો પાછો પેલા માણસ પાસે ગયો અને પૂછ્યું, 'હું મારી જાતને સૌથી બળવાન માનતો હતો પણ આ માણસ ઉપર મેં ડુંગર ફેંક્યો તો એને કાંકરીચાળો લાગ્યો અને તમારા બે હાથના કાંડા કાપેલા છે તોયે તમે એને પકડી રાખ્યો તો હું એ પૂછવા માગું છું કે આ કેટલો બળવાન, તમે એના કરતાં કેટલા બળવાન અને તમારા હાથ કાપવાવાળો કેટલો બળવાન હશે ? મારે એ જાણવું છે કે તમારા હાથ કોણે કાપ્યા ? '

ત્યારે પેલા માણસે જવાબ આપ્યો કે આ ધરતી પર પાંચ પાંડવો છે એમાંથી એક અર્જુન મહાન ધનુર્ધર છે એણે શબ્દવેધી બાણ મારીને મારા બે હાથના કાંડા કાપી નાખ્યા છે. પછી મારે તો મરી જાવું હતું પણ એટલા માટે જ જીવું છું કે ક્યારેક એક પાંચમાંથી એકપણ પાંડવ હાથમાં આવે તો મારે એને કાચેકાચો ખાઈ જાવો છે.

ત્યારે ભીમ એ માણસને પોતાની ઓળખાણ પણ ન આપી શક્યો અને એનું અભિમાન ઓગળી ગયું અને ઘરે પાછો આવીને પોતાની માની માફી માંગી.

અંતમાં કહેવાનું એટલું જ કે અભિમાન ક્યારેય ન કરવું. કોઈ દિવસ એવું ન વિચારવું કે મારા વગર આ વસ્તુ શક્ય જ નથી. તમે પાણી ભરેલા ગ્લાસમાં આંગળી નાખો એટલે જગ્યા થઈ જાય અને પાછી કાઢી લો એટલે એ જગ્યા પૂરાઈ જાય. એમને એમ ખાડો ન રહે. એવી જ રીતે આ દુનિયામાં આવીએ તો આપણે માટે જગ્યા થાય છે અને આપણાં મૃત્યુ પછી એ પુરાઈ જાય છે. એવું નથી કે આપણાં વગર કાંઈ અધુરું રહી જશે.

# સંસ્થા સમાચાર

## શ્રી સ્વામિનારાયણ મંદિર-ભુજ : વિવિધ ઉત્સવો

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે સ.ગુ. મહંત સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી આદિ વડીલ સંતોના માર્ગદર્શન સાથે કોઠારી મંડળે કરેલી વ્યવસ્થા અનુસાર કથા પારાયણ આદિ વિવિધ ઉત્સવો તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

### :: ભારત યાત્રાએ ગયેલા સંતોનું આગમન ::

ભારત યાત્રાએ ગયેલા સંતો યાત્રા પૂરી કરી ભુજ આવી જતાં તા.૧૨-૪-૧૧ ની સવારની સભામાં સ.ગુ. મહંતસ્વામી પૂ. ધર્મનંદનદાસજીએ ફૂલહાર પહેરાવી સન્માન કર્યું. પુ. સ્વામી શાંતિપ્રિયદાસજીએ આઠ માસના ૨૫૦૦૦ કી.મી.ની યાત્રા પ્રવાસનું વર્ણન કરી જણાવ્યું કે સર્વત્ર હરિભક્તોએ સંતોના દર્શન મળતાં ઉત્સાહ અને આનંદ વ્યક્ત કર્યો હતો અને શ્રીજી મહારાજની કૃપાથી પ્રવાસમાં નાની સરખી પણ તકલીફ પડી ન હતી.

પુ. સ્વામી કેશવજીવનદાસજીએ ઉપસંહાર-માં યાત્રા દરમ્યાન ઠેકાણે ઠેકાણે હરિભક્તો દ્વારા સંતોનો સત્કાર, કથાવાર્તાનું આયોજન વગેરેની વિગતો રજુ કરી હતી. હરિભક્તોના પ્રતિભાવ જણાવતાં કહ્યું કે ભુજ મંદિરના સંતો સિવાય બીજા કોઈ મંદિરેથી સંતો કથાવાર્તા, સત્સંગનો લાભ આપવા પધારતા નથી. ભુજ મંદિરના સંતો આવી સત્સંગ કરાવે છે તેથી અમે રાજી થઈએ છીએ. સમસ્ત યાત્રાના તીર્થસ્થળોનો પ્રસાદ સભામાં વહેંચવામાં આવ્યો હતો. ધૂન, કીર્તન સાથે સભા સમાપ્ત થઈ હતી.

### :: પંચાહ્ન પારાયણ ::

તા. ૯-૫-૨૦૧૧ થી તા. ૧૩-૫-૨૦૧૧ સુધી પાંચ દિવસની કથા પારાયણનું ભુજ મંદિરમાં આયોજન ગામા માધાપર નિવાસી પ.ભ. મનજી હરજી વાઘજીઆણી, ધ.પ. પ્રેમબાઈ મનજીના યજમાનપદે યોજવામાં આવ્યું.

સ.ગુ. સ્વામી નિષ્કુળાનંદમુનિએ રચેલ 'ભક્તિનિધિ' કથાનું રસપાન કથાના વક્તા પુ. સ્વામી પરબ્રહ્મજીવનદાસજી તથા સ્વામી શ્રીરંગદાસજીએ કરાવ્યું. દૃષ્ટાંતો અને કીર્તનો સાથે કથાના પ્રવાહને આકર્ષક અને રોચક બનાવી શ્રોતાઓને ખુશ કર્યા.

મંદિરના શાસ્ત્રી રાહુલભાઈએ કથા સમાપ્તિ પ્રસંગે યજમાનો દ્વારા વક્તાશ્રીનું પૂજન તથા વિસર્જનપૂજનનો વિધિ કરાવ્યો. સ.ગુ. સ્વામી સનાતનદાસજીએ ઉદ્‌બોધન સાથે આશીર્વાદ આપ્યા તથા યજમાનશ્રીને પહેરામણી ભેટ આપવામાં આવી. યજમાનશ્રી દ્વારા આરતી અને પ્રસાદ વિતરણ સાથે કાર્યક્રમ સમાપ્ત થયો હતો.

### :: પંચાહ્ન પારાયણ ::

તા. ૧૪-૫-૧૧ થી તા. ૧૮-૫-૧૧ સુધી યોજવામાં આવેલ પાંચ દિવસની કથાપારાયણમાં કથાના વક્તા સ્વામી સૌનકમુનિદાસજી તથા સ્વામી બ્રહ્મમુનિદાસજીએ સ.ગુ. શતાનંદમુનિ રચિત સત્સંગિજીવનની કથાનું રસપાન કરાવ્યું. કથાના પ્રસંગો સરળ ભાષામાં રજુ કરી કથાને રસપૂર્વક સમજાવી શ્રોતાઓને રાજી કર્યા.

કથાના યજમાનપદે ગામ ગોડપરના રામજી લાલજી કેરાઈ હ. હીરજીભાઈ વાલજી કેરાઈ તથા કરસનભાઈ દેવજી કેરાઈ રહ્યા હતા. તા. ૧૮-૫-૧૧ ના કથા સમાપ્તિ પ્રસંગે મંદિરના શા. મહેશભાઈએ યજમાનો દ્વારા વિસર્જન પૂજન, પોથીપૂજન, વક્તાશ્રીનું પૂજન કરાવ્યું. પ.પૂ.સ.ગુ. મહંત સ્વામી ધર્મનંદનદાસજીને હસ્તે યજમાનોને પહેરામણી ભેટ આપ્યા પછી આરતી અને પ્રસાદ વિતરણ સાથે કાર્યક્રમ સમાપ્ત થયો હતો.

### :: પ્રસાદી મંદિરે વાર્ષિક પાટોત્સવ ::

ભુજ પ્રસાદી મંદિરે વૈશાખ વદ ૫, રવિવારે શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી નરનારાયણદેવ, શ્રી રાધાકૃષ્ણદેવ આદિ દેવોનો પ્રથમ વાર્ષિક પાટોત્સવ ધામધૂમ સાથે ભાવભીના ઉત્સાહથી ભક્તિભાવપૂર્વક ઉજવવામાં આવ્યો.

ઉત્સવના યજમાનપદે ગામ વેકરા નિવાસી હાલે ભુજના લક્ષ્મણભાઈ મનજી વરસાણી ધ.પ. પુષ્પાબેન, પિતાશ્રી

અ.નિ. મનજીભાઈ લાલજી વરસાણી, ધ.પ.ગં.સ્વ. અમરબાઈ, ભાઈ મેઘજીભાઈ આદિ સહપરિવારે લાભ લીધો હતો.

પાટોત્સવ કાર્યક્રમની શરૂઆત મંગળા આરતી પછી સવારે ૬:૧૫ વાગ્યે પૂજનવિધિના મંગલકાર્યથી શરૂ કરવામાં આવી. પૂજનવિધિમાં પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય મહારાજ શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ તથા ભુજ મંદિરના મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી તથા સ.ગુ. સ્વામી હરિજીવનદાસજી તથા ઉત્સવના પ.હ.ભ. યજમાનશ્રીઓ હાજર રહ્યા હતા.

પૂજનવિધિ સમાપ્ત થતાં પૂજારી સંતોએ શ્રી ઘનશ્યામ મહારાજનો દૂધ, દહીં, ઘી, મધ, સાકર આદિક પંચામૃત દ્રવ્યોથી અભિષેક શરૂ કર્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત હજારો દર્શનાર્થી હરિભક્તોએ શ્રી નરનારાયણદેવના જયકારનો ધ્વનિ ગજાવી વાતાવરણને વિશેષ પ્રફુલ્લિત બનાવ્યું હતું.

સવારે ૮:૩૦ વાગતાં ઠાકોરજી સમક્ષ વિવિધ પકવાન, ફરસાણ, પુરી, પોળી, સૂકામેવો, કેસર, એલચી આદિ મિશ્રી ભાત સાથે વિવિધ દાળ, ખીચડી, ચટણી, અથાણાં, રાયતાં, ઝીણી-જાડી સેવ, પોચા કડક ગાંઠીયા, દહીં, માખણ, પાનબીડાં, મુખવાસ, ફળ, શિખંડ, આઈસક્રિમ, શરબત અનેક ગણી ગણાય નહીં તેટલી રસમય વાનગીઓ દર્શનકર્તાને આનંદની લહેરમાં ડાલાવતી હતી.

૮:૩૦ વાદન સમયે સ.ગુ. સ્વામી હરિજીવનદાસજીએ અન્નકૂટની આરતી ઉતારી હતી.

વિશેષ કાર્યક્રમમાં સાંજે ૬ થી ૭ એક કલાકની ધુન, ૭ વાગ્યે મહાઆરતી, રાત્રે ૭:૩૦ વાગ્યે કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, ભુજએ સત્સંગસભાનું આયોજન કર્યું હતું.

રાત્રે ૯:૦૦ ને ટકોરે રાસોત્સવની રમઝટ જામી હતી. રાસ, કીર્તન અને સંગીતના ત્રિવેણી-સંગમમાં હરિભક્તો ડૂબ્યા, રમ્યા અને ઝૂમ્યા.

એક માસના અંતર્ગત તા. ૨૪-૪-૧૧ નો રાધાકૃષ્ણદેવનો પાટોત્સવ, તા. ૮-૫-૧૧ નો શ્રી નરનારાયણદેવ આદિ દેવોનો પ્રથમ પાટોત્સવ અને તા. ૨૨-૫-૧૧નો પ્રસાદી મંદિરે દેવોનો પ્રથમ પાટોત્સવ એમ ત્રણ ત્રણ ઉત્સવોના સમૈયાનો લાભ મળતાં હરિભક્ત સમાજને આનંદની લહાણ મળી હતી.

## :: કથા સપ્તાહ પારાયણ ::

તા. ૨૪-૫-૧૧ થી તા. ૩૦-૫-૧૧ દરમ્યાન સાત દિવસની કથાનું પારાયણ યોજવામાં આવ્યું. યજમાનપદે અ.નિ. આણંદભાઈ કરમણ નંદગામ ચીરઈવાલા હ. ઘેલાભાઈ તથા શામજીભાઈ આણંદાબાપાના પરિવાર રહ્યા હતા.

કથાના વક્તા પુ. સ્વામી શ્રીપ્રકાશદાસજી તથા સ્વામી દેવવિહારીદાસજી, શા. સ્વામી નારાયણમુનિ દાસજી, સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી તથા સ્વામી આનંદવલ્લભદાસજીએ સ્વર્ગના દેવોને દુર્લભ અને અમૃતના બદલામાં પણ પ્રાપ્ત ન થાય એવી કૃષ્ણ કનૈયાનાં લીલાચરિત્રોના દિવ્ય અદ્‌ભુત રસાનંદથી ભરપુર વ્યાસ ભગવાન રચિત શ્રીમદ્ ભાગવતની કથાનું રસપાન કરાવી સૌને રાજી કર્યા.

સંગીત સાથેની કથામાં ગાયક સંગીતકાર સ્વામી શ્રીજીનંદનદાસજી, સ્વામી સુવ્રતમુનિદાસજી, તબલાંવાદક વિદ્યાર્થી સ્વામી કપિલમુનિદાસજી અને ઓકટ્રોપેડ વાદક વિદ્યાર્થી સ્વામી દેવનંદનદાસજીએ ધુન, કીર્તન તથા આરતી ગાન સાથે તાલબધ્ધ સંગીત રજુ કરી રંગ જમાવ્યો હતો. પ.હ.ભ. રમેશભાઈએ વાયોલિલનની સંગત કરી હતી.

શા. મહેશભાઈએ કથા સમાપ્તિની પૂજનવિધિ કરાવ્યા પછી પ.પૂ.સ.ગુ. મહંત પુ. સ્વામી ધર્મનંદનદાસજીએ કથાનું મહાત્મ્ય સમજાવી યજમાનોને આશીર્વાદ સાથે યજમાન પરિવારને પહેરામણી ભેટ આપી હતી. સ.ગુ. સ્વામી ભક્તિ-વલ્લભદાસજીએ કંઠી અને ફૂલહાર પહેરાવ્યા હતા.

આરતી અને પ્રસાદ વિતરણ સાથે સૌ વિખરાયા હતા.

## :: કોઈન વેન્ડીંગ મશીન ::

હરિભક્તોને છુટક સિક્કા મેળવવામાં સરળતા રહે તે માટે બેન્ક ઓફ ઈન્ડીયાએ તા. ૨૫-૪-૧૧ ના રોજ મંદિરના પરિસરમાં પોતાનું કોઈન વેન્ડીંગ મશીન ગોઠવી આપ્યું. જેના કાર્યની શરૂઆત સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીને હસ્તે પૂજન કરી તેમના વતી બેન્કના અધિકારી શ્રી છાબડા સાહેબ દ્વારા રૂપિયા ૧૦/- ની નોટ મશીનમાં સરકાવીને તેટલી જ કિંમતના સિક્કા મેળવીને કરવામાં આવ્યુ. આ પ્રસંગે કોઠારી પાર્ષદ પ.પૂ. જાદવજી ભગત, કોઠારી રવજીભાઈ ભુડિયા, સંતો, એ.જી.એમ. શ્રી

વધાવન, જે. જી. વૈદ્ય, કિશોરભાઈ વોરા, બિહારીભાઈ, શંભુભાઈ જોષી, રાજુભાઈ દવે, હરિભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

:: ચમક ઝમક ::

- પુલહાશ્રમ તીર્થની પદયાત્રાએ ગયેલા સંતો, પદયાત્રા પૂર્ણ કરી, પ્રવાસમાં હરિભક્તોને રાજી કરી ભુજ આવી પહોંચ્યા.

- તા. ૧૫-૬-૨૦૧૧, જેઠ સુદ પૂર્ણિમાએ જલયાત્રા ઉત્સવ નિમિત્તે પૂજારી મંડળના સંતોએ ઠાકોરજીને નૌકાવિહાર કરાવ્યો.

- તા. ૧૬-૬-૨૦૧૧, રાત્રે રાસોત્સવનો કાર્યક્રમ સંતો હરિભક્તોએ ઉજવ્યો. સંગીતની ધુન, કીર્તનો સાથે ખેલંદાઓએ રાસની જમાવટ કરી દર્શક હરિભક્તોને ખુશ કર્યા. - અહેવાલ : ઓ. વ્યાસ

On Saturday 11th June 2011, SKSS Temple Bolton hosted the annual Swaminarayan League Cup competition. It was attended by nearly all UK temples - Bolton, Oldham, Cardiff, Harrow, Willesden, Stanmore, East London and ISSO UK. Over 550 Yuvak and Bal Mandal Members took part in this Event.

The annual event, now in its 4th year has been previously organised by SKSS Temple Harrow. This year, for the first time, the event was hosted outside London and so Bolton was proud and privileged to have the opportunity to host this grand event.

Many months of preparation had taken place to ensure that the event would be an astounding success in line with previous events hosted by Harrow. It was a great testament to the enthusiasm of SSYM Bolton and the wider community of Bolton who worked tirelessly to ensure all aspects of the event were catered for.

Where previously the main sporting event has been 5-a-side football in addition to other sports/ games, this year it was decided that for the boys, the main sporting event would be IPL type Cricket (6 a side) and for the girls it would be Beat the Ball Rounders. For the young, a new introduction of 'Balympics' event was also arranged so they do not feel left out. Bouncy castles/slides were also organised to ensure the young had a really fun day. Also, the elders had fun by playing Raas and having a yoga session.

The day started off with great promise in basking sunlight - which was a great relief considering it had been raining for most of the week preceding the event! Such was the grace of Almighty Lord Swaminarayan, who it seems had commanded Lord Suryanarayan to be present throughout the day to ensure that His young Satsangis would enjoy the day without any adverse weather.

The community of Bolton were at the temple early to ensure a warm reception for all attendees from all parts of the UK by serving breakfast and preparing for the day ahead. The coaches from other temples started arriving from about 9am. It was great to see so many Satsangis young and old all with great enthusiasm and aspirations for the day.

After Darshan and breakfast, all attendees were provided with a complimentary souvenir T-Shirt of the event which was worn with great pride and then the attendees were transported to the Event Grounds of St James Sports College where the sports were to take place.

In accordance with the rules of our Sampraday, the Girls had a separate area to play their sports and they started proceedings with teams arranged to compete in the various sports and games. Similarly for the boys, the field was arranged to allow two groups to compete against each other in the play offs for the cricket event.

Lunch was served around 12.30 to reenergise the teams for the afternoon sports resulting in a finale clash between Stanmore and East London.

After the final, everyone was transported back to the temple for evening dinner and a presentation to thank everyone for their attendance and dedication and finally to announce the winners and present the coveted trophy. For the boys, the winning team was Harrow (making this the 2nd year in succession that they have won the title). For the girls, this was again won by Harrow - a truly outstanding achievement by SKSS Temple Harrow.

To round the day up, Raas Utsav was played in the Temple to close the event.

SKSST Bolton are thankful to everyone for making the event a truly outstanding and enjoyable occasion and look forward to future events

# સ્મૃતિ સભા

## ભુજ મંદિરના અ.નિ. સંત સ.ગુ. સ્વામી નિર્ગુણસ્વરૂપદાસજીને સ્મરણાંજલિ

તા. ૨-૪-૧૯૩૫ થી તા. ૬-૫-૨૦૧૧ સુધીની જીવનતવારીખમાં જેમણે ૨૦ વર્ષની વયમાં તા. ૪-૧૦-૧૯૫૪ ના દિવસે ભાગવતી દીક્ષા લઈ જીવનપર્યંત ભુજ મંદિર અને શ્રી નરનારાયણદેવને સમર્પિત રહી સેવા કરી એવા વડીલ સંત સ.ગુ. સ્વામી નિર્ગુણસ્વરૂપદાસજીને તેમના અક્ષરવાસ નિમિત્તે તા. ૮-૫-૧૧ નારોજ સ્મૃતિસભા દ્વારા સ્મરણાંજલિ આપવામાં આવી હતી.

સ.ગુ. મહંત સ્વામી ધર્મનંદનદાસજીના અધ્યક્ષપદે રાખવામાં આવેલી આ સભાનું સંચાલન કરતાં શા. સ્વામી અક્ષરપ્રકાશદાસજીએ અક્ષરવાસ પામેલ સ્વામીના જીવનનો વિસ્તારપૂર્વક પરિચય આપી તેમની સત્સંગનિષ્ઠાની વિગતો પણ સંભળાવી.

સ્વામીનો જન્મ મહંતસ્વામી હરિસ્વરૂપ દાસજી તથા બાલપ્રેમી સ્વામી ઘનશ્યામજીવનદાસજી જેવા સંતો આપનાર સુખપર ગામમાં થયો હતો અને માત્ર ૨૦ વર્ષની વયમાં ભાગવતી દીક્ષા ગ્રહણ કરી શ્રી નરનારાયણદેવને જીવન અર્પણ કરી દીધું હતું. મધુરકંઠ ધરાવતા સ્વામીના ગુરુ ભક્તિપ્રિયદાસજી હતા.

સ્વામીનું ત્યાગાશ્રમનું જીવન ભક્તિપ્રધાન રહ્યું અને છેવટ સુધી દર્શન, કથાશ્રવણ, પ્રદક્ષિણા, વ્રતપાલનમાં દૃઢ રહ્યા. દયા અને પરોપકાર જેવા ભાગવતી ગુણ ધરાવનાર સંતો, હરિભક્તો મારફત તથા સાં.યો. બહેનો દ્વારા સેવાની પ્રેરણા કરાવતા.

તા. ૬-૫-૧૧, અક્ષયતૃતીયાના પવિત્ર દિવસે સવારે ૩ઃ૩૦ વાગતાં શ્રીજી મહારાજની ચરણસેવામાં જોડાઈ ગયા.

સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજીએ અંજલિ આપતાં જણાવ્યું કે ભગવાનની ઈચ્છા પ્રમાણે થાય. વધુમાં સ્વામીએ કરેલી સત્સંગ સેવા, હરિભક્તોને કરેલ પ્રેરણાની પ્રશંસા કરી આપણામાં એવી ભાવના રહે અને અક્ષરવાસ પામેલ સ્વામીશ્રી શ્રીજી મહારાજના ચરણમાં સુખશાંતિ ભોગવે તેવી ભાવના વ્યક્ત કરી.

સ.ગુ. સ્વામી કેશવપ્રસાદદાસજીએ સ્વામીજી સાથેના નાનપણના સ્મરણો રજુ કરી તેમને સમર્થ સંત તરીકે ઓળખાવ્યા.

અ.નિ. પામેલ સ.ગુ. સ્વામીએ પોતાની પાસે રહેલી પ્રસાદીની પવિત્ર વસ્તુઓનો તપ્નો તૈયાર કરાવી પોતાના શિષ્ય સ્વામી ધર્મસ્વરૂપદાસજીને આપ્યો હતો. આ તપ્નો સ્વામી ધર્મસ્વરૂપદાસજીએ પ.પૂ. મહંત સ્વામીને હસ્તે શ્રી નરનારાયણદેવ કોઠારને અર્પણ કર્યો.

સ્વામીના પરિવારમાંથી ઉપસ્થિત પ.ભ. કુંવરજીભાઈ ભીમજી ખેતાણી તથા રામજીભાઈ પ્રેમજી ખેતાણીએ જણાવ્યું કે સ્વામીજીમાં નાનપણથી જ ત્યાગની ભાવના રહેલી હતી તથા શ્રી નરનારાયણદેવની પ્રાર્થના મૂકીને બીજે ન જવું તેવી ભલામણ કરતા.

પ.પૂ. મહંતસ્વામીએ સ્વામીજીના સાધુગુણો, ભગવાન સિવાય બીજે અનાશક્તિ, હરિભક્તો પ્રત્યે પ્રેમ, ભક્તિ, ગરીબ સેવા, ગૌસેવા વગેરે ગુણોને યાદ કરી આપણામાં એવા ગુણ આવે અને આપણે ભગવાનને રાજી કરી શકીએ તે માટે શ્રી નરનારાયણદેવ પ્રત્યે નિષ્ઠા, ધ્યાન, ધારણા, ઉપાસના અને મૂર્તિનું ચિંતન કરવા પર ભાર મૂક્યો હતો. તેઓશ્રી ભગવાનની અખંડ સેવામાં રહી પ્રેમલક્ષણા ભક્તિ રાખે એવી ભાવના જણાવી હતી.

સ્વામીના શિષ્ય સ્વામી ધર્મસ્વરૂપદાસજીએ સંતોને કંઠીમાળા પહેરાવી તથા સર્વે હરિભક્તોને કંઠી પહેરાવી તે પછી સંગીતકાર સ્વામી શ્રીજીનંદન દાસજીએ કરૂણસ્વરોમાં બોલાવેલી ધુન અને મૌન ધ્યાન સાથે સભા સમાપ્ત થઈ હતી.

- અહેવાલ : ઓ. વ્યાસ

# સત્સંગ સમાચાર

## માનકુવા : મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ

ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણ કૃપા તથા ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજી આદિ વડીલ સંતોના રૂડા આશીર્વાદથી ગામ માનકુવા શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવ એવં ત્રિદિનાત્મક મહાવિષ્ણુયાગનું આયોજન તા. ૧૭-૫-૨૦૧૧ થી તા. ૨૩-૫-૨૦૧૧ સુધી રાખવામાં આવ્યું હતું.

આ મહોત્સવનો શુભારંભ સંવત્ ૨૦૧૧ વૈશાખ સુદ મોહીની એકાદશીના શુભ પ્રભાતે સવારે ૫:૦૦ કલાકે પ્રભાતફેરીથી થયો. આ પ્રભાતફેરીમાં ભુજ મંદિરના ૨૩ સંતો અને ૫૦ સાં.યો. બહેનો જોડાયા હતા અને લગભગ ૮૦૦૦ ની સંખ્યામાં ભાવિક સત્સંગી બહેનો તથા ભાઈઓ જોડાયા હતા. શ્રી સ્વામિનારાયણ મહામંત્રના ઉચ્ચારથી આખું ગામ ગુંજી રહ્યું હતું. એવું લાગતું હતું જાણે વૃંદાવનની કુંજ ગલીમાં ઝૂમી રહ્યા છીએ. સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજી સ્વામીએ વ્રજભૂમિથી આ ભૂમિની મહત્તા બતાવી હતી. પ્રભાતફેરી આખા ગામમાં ફરી સભામંડપમાં વિશ્રાંતિ લીધી અને સંતોએ સર્વે ગ્રામવાસીઓ ઉપર આશીર્વાદ વરસાવ્યા.

પોથીયાત્રાનો તા. ૧૬-૫-૨૦૧૧, સોમવારે સાંજે ૫:૦૦ વાગ્યે બહેનોના મંદિરથી વાજતે-ગાજતે નીકળી હતી. તેમાં ભુજ મંદિરના સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, સ્વામી પ્રેમપ્રકાશદાસજી, પાર્ષદ જાદવજી ભગત આદિ ૫૦ સંતોની ઉપસ્થિતિમાં બેન્ડપાર્ટી સહિત સભામંડપમાં પધાર્યા. ત્યાં રૂડા આશીર્વાદ પાઠવ્યા અને ૩૦ ફુટની ધજા જેમાં ગરુડ વિજયધ્વજ ફરકાવવામાં આવ્યો હતો.

ગણેશસ્થાપનવિધિ તા. ૧૭-૫-૨૦૧૧ના મંગળવારે સવારે ૭:૦૦ કલાકે યજમાન પરિવારો દ્વારા કરવામાં આવી. ૮:૩૦ કલાકે પૂ. મહંતસ્વામી તથા વડીલ સંતોના વરદ્ હસ્તે દીપ પ્રાગટ્ય થયું. આ કથાપારાયણના વક્તાપદે શા. સ્વામી શ્રીપ્રકાશદાસજી તથા શા. સ્વામી ગોલોકવિહારી દાસજી તથા શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી તથા સ્વામી હરિપ્રસાદદાસજી આ ચાર વક્તાઓએ સુમધુરવાણીથી શ્રીમદ્ સત્સંગિજીવન અંતર્ગત શ્રીહરિના મંગલ લીલાચરિત્રોનું સાત દિવસ અમૃત રસપાન કરાવી ભક્તજનોને રાજી કર્યા હતા. આ પ્રસંગે મંડળના વડીલ સંત સ.ગુ. સ્વામી ધર્મવલ્લભ દાસજી, સ.ગુ. પુરાણી સ્વામી પ્રભુચરણદાસજી, સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજી આદિ વડીલ સંતો અખંડ રહી ભક્તજનોના ભાવ પૂર્યા હતા.

તા. ૧૯-૫ ના પારાયણના ત્રીજા દિવસે સાંજે ૪:૦૦ વાગ્યે પ.પૂ. મોટા મહારાજશ્રીનું આગમન સાથો સાથ નૂતન મંદિરમાં વિરાજમાન થનાર શ્રી સહજાનંદ સ્વામી, શ્રી નરનારાયણદેવ, શ્રી રાધાકૃષ્ણદેવ ના સ્વરૂપોની શોભાયાત્રા વાજતે-ગાજતે નીકળી સભામંડપમાં આવી વિશ્રાંતિ લીધી. જન્મોત્સવ અતિ આનંદભેર શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ જાણે છપૈયામાં ઘનશ્યામનું જ પ્રાગટ્ય થયું હોય તેની ઝાંખી કરાવી હતી. જન્મોત્સવના મુખ્ય યજમાન શ્રી લક્ષ્મણભાઈ ધનજી હીરાણીએ ઊંચો આંક આપી યજમાનપદ શોભાવ્યું.

તા. ૨૦-૫ ના પારાયણના ચોથા દિવસે ત્રિદિનાત્મક મહાવિષ્ણુયાગનો શુભારંભ સવારે

૮:૦૦ કલાકે ગુલાબશંકર ગોર તથા હરેશ મહારાજ આદિ ભૂદેવોના સાંનિધ્યમાં યજ્ઞનારાયણની સાક્ષીએ મુખ્ય યજમાનો દ્વારા થયો.

તા. ૨૧-૫ ના દિવસે અમદાવાદ દેશ નરનારાયણદેવ પિઠાધિપતિ ૧૦૦૮ આચાર્ય શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજનું આગમન સવારે ૮:૦૦ વાગ્યે થતાં શ્વેત વસ્ત્રોમાં સજ્જ મહારાજશ્રીના હસ્તમાં ગુલાબનાં પુષ્પ સાથે સ્નેહપૂર્વક સર્જેલા કિંગફિશર પક્ષીના સુંદર ફ્લોટ પર ૨૦ ફૂટ ઊંચા આસન ઉપર વિરાજમાન કર્યા. શોભાયાત્રા ભુજ-નખત્રાણા રોડ પર ગામની ભાગોળેથી નીકળી ભાવિક યુવકોના ભાવસહ બેન્ટપાર્ટી, લેઝીમદાવ, ઓરગનથી સજ્જ યુવાનો આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. વાજતે-ગાજતે મહારાજશ્રીનું આગમન સભામંડપ જે અદાભાનો દરબાર નાનુવાડીમાં સ્વાગત સમૈયું પૂર્ણ થતાં શ્રીજી મહારાજ પૂર્વે ૨૦૭ વર્ષ પહેલાં પધાર્યા તે યાદ તાજી કરાવતા ૨૦૭ ફૂટનો વિવિધ પુષ્પોથી આકર્ષક વિશાળ હાર મહારાજશ્રીને માનકુવાના યુવક મંડળે અને યુવાન સંતોએ કંઠમાં આરોપાવી આનંદ વ્યક્ત કર્યો હતો. ત્યારબાદ મહોત્સવના મુખ્ય યજમાનો, મંદિરના પ્રમુખ તથા ટ્રસ્ટીગણનું સન્માન મહારાજશ્રીના વરદ્ હસ્તે કરાયું અને તે જ દિવસે સાંજે સભામંડપમાં મહાઆરતી ઓરકેસ્ટ્રા સાથે કરવામાં આવી. સારોય મંડપ દીવડાઓથી ઝળહળી રહ્યો હતો.

ભક્તજનો ! ભોજનશાળા કેમ ભુલાય ? ન કોઈ ભૂખ્યો ન કોઈ દુખીયો. જે આવે તે શાંતિ અને આરામનો અહેસાસ કરીને જ જાય. આ પૈકીમાં પાકશાળાની વ્યવસ્થા સ.ગુ. સ્વામી સનાતનદાસજી તથા સ્વામી દેવપ્રકાશદાસજીએ યુવાનો ભક્તોના સાથ સહકારથી વ્યવસ્થા સંભાળી હતી. તેમાં વડીલ સંતો-ભક્તોએ ધાર્યાથી ત્રણ ઘણી સંખ્યામાં ભક્તજનોએ ભોજનપ્રસાદ લીધો હતો. ભોજન-શાળામાં ૧,૫૦,૦૦૦ ની સંખ્યામાં ભક્તજનો પ્રસાદ લેતા હતા. મહોત્સવ દરમ્યાન સાતેય દિવસ ગાયોને ઘાસચારો આપવામાં આવ્યો હતો. એના મુખ્ય યજમાન પ.ભ. શ્રી લાલજીભાઈ કલ્યાણ શીયાણીએ ગૌમાતાના આશિષ લીધા હતા. માનકુવાના તમામ નાગરિક કોઈ તનથી કોઈ ધનથી સેવા કરી ઉત્સવમાં સહભાગી થયા હતા. એક-એક ભક્તજનના અંતરમાં સત્સંગનું સેવાનું અને ભક્તિનું જોમ જણાતું હતું. કોણ પોતાનું કે કોણ પરાયું એવો ભાવ જ ન હતો. આ તો ઉત્સવ આપણો છે એજ ભાવ માનકુવા, ભક્તિનગર, ભારાસર, કોડકીના ભક્તજનોમાં જણાયો હતો.

તા. ૨૨-૫- પારાયણનો છઠ્ઠો દિવસ જે ભગવાનના અર્ચાસ્વરૂપો જેમની આચાર્ય મહારાજશ્રી કૌશલેન્દ્રપ્રસાદજીએ મૂર્તિપ્રતિષ્ઠાવિધિ કરાવી સાથે મહંત પુ. સ્વામી ધર્મનંદનદાસજી, જ્યોતિષજ્ઞ સ.ગુ. પુ.સ્વામી કેશવપ્રસાદદાસજી આદિ સંતોના વરદ્ હસ્તે વિષ્ણુયાગની પૂર્ણાહુતિ થઈ.

:: રાત્રિના કાર્યક્રમો ::

❖ તા. ૧૭-૫ ના રાત્રે ૮:૩૦ કલાકે કચ્છ શ્રી નરનારાયણદેવ બાળ યુવતી મંચ રાખવામાં આવ્યો હતો. તેમાં માનકુવા, ભક્તિનગર, ભારાસર, ભવાનીપુર ગામની બાળાઓએ ઉત્સાહસભર લાભ લઈ અનેરો ઓપ આપ્યો હતો. તેમાં ગમ્મત સાથે જ્ઞાન પીરસી સહુ ભક્તોને રાજી કર્યા હતા.

❖ તા. ૧૯-૫ શ્રી સહજાનંદ ગુરુકુલ માનકુવા તેમજ માનકુવા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો, બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ.

❖ તા. ૧૯-૫ ના ભક્તિસંગીત.

❖ તા. ૨૦-૫ ના શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, નારાણપર, ગાંધીધામના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ.

❖ તા. ૨૧-૫- ના હાસ્ય કલાકાર જીતુભાઈ દ્વારકા.

❖ તા. ૨૨-૫ પ.ભ. શ્રી પ્રેમજીભાઈ નારણ વાઘાણીના યજમાનપદે ઓરકેસ્ટ્રા સાથે રાસોત્સવ

ધામધૂમથી ઉજવાયો હતો.

આ મહોત્સવમાં સત્સંગી બહેનોના ગુરુ એવા બન્ને પૂ. ગાદીવાળાં પધારી સત્સંગી બહેનોને દર્શનનો લાભ આપ્યો હતો.

આ સમગ્ર ઉત્સવ મંદિરની કમિટી તથા ગામના વડીલો, અબાલ-વૃધ્ધ ભક્તજનોના સાથ સહકાર તથા માનકુવા મંદિરનાં પૂ. વડીલ સાં.યો. રામબાઈ તથા સાં.યો. નાનબાઈ આદિ બહેનો ભક્તજનોએ તમામ કાર્યોની સફળતા મેળવી હતી.

તા. ૨૩-૫ મહોત્સવનો અંતિમ દિવસ સવારે ૧૦:૦૦ કલાકે કથા પૂર્ણાહુતિ થઈ ત્યારબાદ સંતોએ મંગલ ઉદ્‌બોધન પાઠવ્યા. માનકુવા ગામ ધણી અદાબાપુ તથા નાથા સુથારને અતિ યાદ કરી મહોત્સવની પૂર્ણાહુતિ કરી. આ મહોત્સવનું સભા સંચાલન શા. સ્વામી દેવચરણદાસજી તથા શા. સ્વામી ધર્મચરણ દાસજીએ કર્યું હતું.

## મેઘપર : નૂતન મંદિરે મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ

કચ્છ પ્રદેશમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની ચરણરજથી પાવન બનેલા, અ.નિ. સ.ગુ. સ્વામી શ્વેતવૈકુંઠદાસજીના પૂર્વાશ્રમના વતન તરીકે જાણીતા, જે ગામનાં હરિભક્ત સન્નારી અ.નિ. વાલબાઈ બહેન શ્રીજી મહારાજને પ્રત્યક્ષ મળી દર્શનનો લાભ પામ્યા હતાં અને શ્રીજી મહારાજના કચ્છ વિચરણ સમયથી જ જે સત્સંગને વરેલું છે એવા ગૌરવશાળી ગામમાં ૧૨૫ વર્ષ અગાઉ બનાવેલાં મંદિરના સ્થાને મહંત સ.ગુ.પુ. સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીની પ્રેરણાથી બહેનોના અને ભાઈઓના મંદિરોની ભવ્ય રચના કરવામાં આવી.

મહામહોત્સવ નિમિત્તે તા. ૩૦-૪-૨૦૧૧ થી તા. ૬-૫-૨૦૧૧ સુધી 'શ્રીમત્ સત્સંગિજીવન' શાસ્ત્રની કથાના સપ્તાહ પારાયણનું આયોજન કરવામાં આવ્યું. સપ્તાહ દરમ્યાન શા. સ્વામી નારાયણપ્રિય દાસજી, શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી, શા. સ્વામી ગોલોકવિહારીદાસજી આદિ સંતવક્તાઓએ કથા વિષયને દૃષ્ટાંતો અને કીર્તનો સાથે સમજાવી શ્રોતાવર્ગને ભક્તિરસાનંદની મોજ કરાવી. ગાયક સંગીતકાર સ્વામી શ્રીજીનંદનદાસજીએ સંગીત સાથે કીર્તન ગાનમાં કંઠનું કામણ ફેલાવી સૌને હરિરસના આનંદમાં મુગ્ધ કર્યા.

પારાયણના દરરોજના કાર્યક્રમનું સંચાલન શા. સ્વામી અક્ષરપ્રકાશદાસજી તથા શા. સ્વામી ભક્તિપ્રિયદાસજીએ સંભાળી ઉપસ્થિત સમાજને દરરોજની ગતિવિધિથી સંપૂર્ણ માહિતગાર કર્યા.

મહામહોત્સવના મુખ્ય યજમાન અ.નિ. પિતાશ્રી દેવજીભાઈ રામજી વાઘજીઆણી, ધ.પ. રામબાઈ હ. સુપુત્રો ધનજીભાઈ, શિવજીભાઈ, પ્રેમજીભાઈ, માવજીભાઈ, વિનોદભાઈ આદિ સમસ્ત પરિવાર રહ્યા.

હનુમાનજી તથા બહેનોના મંદિરના સિંહાસન અને ખાતમુહૂર્તના યજમાન અ.નિ. પિતાશ્રી હરજી કાનજી હાલાઈ, ધ.પ. પ્રેમબાઈ હ. સુપુત્ર નારણભાઈ આદિ સહપરિવાર રહ્યા હતા. ભાઈઓના મંદિરના સિંહાસનના યજમાન અ.નિ. શામજી પ્રેમજી હીરાણી, માતાજી રતનબાઈ હ. સુપુત્રી વાલબાઈ શામજી હીરાણી સહપરિવાર (સુખપર રોહા) રહ્યા હતા.

મહામહોત્સવ કાર્યક્રમ દરમ્યાન તા. ૩-૫-૨૦૧૧ થી તા. ૫-૫-૨૦૧૧ ત્રિદિવસીય વિષ્ણુયાગનો શાસ્ત્રીયવિધિ મંદિરના શાસ્ત્રી ગુલાબશંકર મહારાજે કરાવ્યો. તા. ૫-૫-૨૦૧૧ ના પ.પૂ. આચાર્ય મહારાજશ્રીને હસ્તે ઘી ની ધારાઓ સાથે શ્રીફળ હોમ સાથે યજ્ઞની પૂર્ણાહુતિ કરવામાં આવી.

તા. ૪-૫-૨૦૧૧ ના સવારના ભાગમાં

પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ પધારી સંતોના વિભાગમાં દર્શન આપતાં કથામંડપમાં આનંદની લહેર આવી ગઈ. તેમજ પ.પૂ. ગાદીવાળાંએ પધારી સાં.યો. બહેનોના વિભાગમાં દર્શન આપતાં કર્મયોગી બહેનોને દર્શન આપી આનંદની તૃપ્તિ થઈ.

સાંજના ૬:૦૦ વાગતાં મંદિરના સ્ટ્રકચર આકારના યાનમાં ઠાકોરજી, મહારાજશ્રી તેમજ પ.પૂ. મહંતસ્વામી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વરિષ્ઠ સંતો તથા યજમાનશ્રીઓ સહિત નીકળેલી નગરયાત્રા ગામની બજારોમાં ફરી હતી. બેન્ડપાર્ટી, કીર્તન મંડળી, ઘોડેસવારો અને વિશાળ સંખ્યામાં હરિભક્તોએ નગરયાત્રાની શોભાને દર્શનીય બનાવી.

તા. ૫-૫-૨૦૧૧, ગુરુવારે બન્ને મંદિરમાં શ્રી નરનારાયણ દેવ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજ એ આદિ દેવોની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય મહારાજશ્રીને હસ્તે પ.પૂ. મહંતસ્વામી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશ દાસજી, સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી, સ.ગુ. પુરાણી સ્વામી શ્રીહરિદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ તેમજ નાના મોટા સંતો, સાં.યો. બહેનો, મેઘપર સત્સંગના કાર્યકર્તા હરિભક્તો અને અન્યહજારો હરિભક્ત ભાઈ-બહેનોની ઉપસ્થિતિમાં કરવામાં આવી.

તા. ૫-૫-૨૦૧૧ ના સવારે ૧૦:૩૦ વાગ્યાના શુભ મુહૂર્તે મહારાજશ્રીના વરદ્ હસ્તે મંગલકારી દેવોની મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી.

સપ્તાહ દરમ્યાન રાત્રે દાંડીઆરાસ, સાંસ્કૃતિક કાર્યક્રમ, કીર્તનસંધ્યા, સત્સંગ મહિલા મંચ, લોક સાહિત્ય વગેરે જ્ઞાન ભક્તિસભર મનોરંજક કાર્યક્રમો રાખવામાં આવ્યા.

કાર્યક્રમની પૂર્વ તૈયારીથી માંડીને સમાપ્તિ પર્યંત વિવિધ વિભાગોમાં સંતોના માર્ગદર્શન અને કાર્યકર્તાઓની દેખરેખ સાથે સહજાનંદી સિંહ એવા હરિભક્તોએ કસર રાખ્યા વિના અવિરત સેવા આપી આશીર્વાદ પ્રાપ્ત કર્યા. રસોડા વિભાગનું સંચાલન સ.ગુ. સ્વામી સનાતનદાસજીએ કરી પ્રસાદ ભોજનનો આસ્વાદ કરાવી સૌને તૃપ્ત કર્યા. સંતોના બોધ પ્રવચનોએ ભક્તિજ્ઞાન પ્રેમી હરિભક્તોને રાજી કર્યા.

તા. ૬-૫-૨૦૧૧, શુક્રવારે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મહંત સ્વામીનાં પ્રેરક ઉદ્‌બોધન અને આશીર્વચન સાથે મહામહોત્સવ રંગેચંગે સમાપ્ત થયો.

- અહેવાલ : ધર્મેન્દ્ર વેલજી કેરાઈ
(યુ. મંડળ કમિટીના વક્તા)

## હીરાપર : વાર્ષિક પાટોત્સવ

શ્રી સ્વામિનારાયણ મંદિર હીરાપર મધ્યે બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ તથા શ્રી નરનારાયણદેવનો વાર્ષિક પાટોત્સવ વૈશાખ સુદ દશમના રોજ ધામધૂમથી ઉજવવામાં આવ્યો.

આ શુભ પ્રસંગે ભુજ મંદિરના સ.ગુ. મહંત સ્વામીની આજ્ઞાથી સ.ગુ. સ્વામી શાંતિપ્રિયદાસજી, શા. સ્વામી વિશ્વવલ્લભદાસજી આદિ મંડળ સંતવૃંદે પધારીને દર્શન આશીર્વચનનું સુખ આપ્યું હતું.

તા. ૧૩-૫-૧૧ ના શુભ સવારે ઠાકોરજી સાથે સંતોના દિવ્યદર્શન સાથે શોભાયાત્રાનું સુંદર આયોજન કરવામાં આવ્યું. શોભાયાત્રાના વાહનના યજમાનપદે પ.ભ. રણમલભાઈ ગઢવી રહ્યા હતા.

વાજતે-ગાજતે શોભયાત્રા મંદિરે પહોંચી ત્યાં સૌએ રાસગરબાથી વાતાવરણ ધર્મમય બનાવ્યું. આ પ્રસંગે સંતોના મુખે કથા-વાર્તા, આશીર્વચન સાથે ઠાકોરજીનો અભિષેક, દેવો

આગળ અન્નકૂટ ધરાવવામાં આવ્યો. અભિષેકના યજમાનપદે પ.ભ. માતા પાંચા વાસણ રહી સેવાનો લાભ લીધો. પાટોત્સવની આરતીના યજમાનપદે પ.ભ. ભૂરા કાના છાંગા રહ્યા હતા. પાટોત્સવ પ્રસંગે મહાપ્રસાદના યજમાનપદે પ.ભ. દેવજી શામજી છાંગા, માતા ધનજી લક્ષ્મણ, ડાંગર સામત રવા, પાંચા સવા માતા, રાણા જેશા, માતા દેવજી કરસન, માતા ધનજી કરસન, છાંગા ધીરુભાઈ શામજીભાઈ આ સૌ યજમાનો પવિત્ર યાત્રાધામની યાત્રા પૂર્ણ કરીને પધાર્યા તે નિમિત્તે તેમના તરફથી સૌ હરિભક્તોને મહાપ્રસાદ આપવામાં આવ્યો.

આ ઉત્સવમાં સર્વે ગ્રામજનો, હરિભક્તો, સાં.યો. બહેનો તેમજ આસપાસના ગામોના હરિભક્તો જોડાયા હતા. પ્રસંગનો લ્હાવો લઈ સૌ ધન્ય થયા હતા.

- અહેવાલ : કાનજીભાઈ સુથાર

## શ્રીહરિ તપોવન ગુરુકુલ - રામપર : દિક્ષાંત સમારોહ

તા. ૨૭-૩-૨૦૧૧, રવિવારના શુભદિને શ્રીહરિ તપોવન ગુરુકુલ ગંગાજી રામપર-વેકરા દ્વારા સંચાલિત 'શ્રીહરિ વિદ્યામંદિર' માં અભ્યાસ કરતા ધો. ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓનો દિક્ષાંત સમારોહ સફળતાથી ઉજવાયો.

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરેથી પધારેલ સંસ્થાના પ્રમુખ સ.ગુ.પુ.સ્વામી કૃષ્ણપ્રસાદ દાસજી, સ.ગુ.પુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, પુ. સ્વામી કેશવપ્રિયદાસજી અને સંસ્થાના સંચાલક શા. સ્વામી દેવચરણદાસજી આદિ સંતોની દિવ્ય ઉપસ્થિતિમાં સંસ્થાના ટ્રસ્ટીઓ, શિક્ષણ સમિતિના સદસ્યશ્રીઓ, દાતાશ્રીઓ, વાલીગણ તેમજ અતિથિવિશેષમાં મા. શ્રી ભરતભાઈ મહેતા તેમજ મા. શ્રી રવિશંકર નાકર સાહેબની સંગાથે દીપ પ્રાગટ્ય દ્વારા કાર્યક્રમ ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

ભાવવિભોર કંઠે શ્રીહરિ વિદ્યામંદિરના વિદ્યાર્થીઓએ દેવ સમક્ષ પ્રાર્થના રજૂ કરી વાતાવરણને આધ્યાત્મિક બનાવ્યું. પ્રાતઃસ્મરણીય સંતો તેમજ ઉપસ્થિત સર્વે મહાનુભાવોનું પુષ્પમાળાથી સન્માન કરવામાં આવ્યું.

માન. શ્રી નાકર સાહેબની વાલીને નમ્રતાની ભલામણ અને વિદ્યાર્થીઓને પ્રગતિ સાધી સંસ્થા, પરિવાર તેમજ સમાજના નામને ગરિમા આપવાની ભલામણ સાથે પ્રાસંગિક પ્રવચનવિધિ પૂર્ણ થઈ. શિક્ષણ સમિતિ સદસ્યના મા. શ્રી પ્રવીણભાઈ પિંડોરીયાએ સંસ્થા પરિચય તેમજ સંસ્થાની આગામી યોજના વાલીઓ સમક્ષ રજૂ કરવાનો દોર સંભાળ્યો. જેમાં તેમણે આવતા નવા શૈક્ષણિક વર્ષથી વિદ્યાર્થીઓની પ્રગતિને બિરદાવવા છાત્રાલયની ફી માં રાહત (શિષ્યવૃતિ) ની જાહેરાત કરી હતી. તેઓએ જણાવ્યું હતું કે માધ્યમિક અને ઉ.મા. વિભાગમાંથી જે વિદ્યાર્થીઓ ખંતથી મહેનત કરશે અને ૮૦%, ૮૫%, ૯૦% અને ૯૫% સુધીનું પરિણામ મેળવશે તેવા વિદ્યાર્થીઓને અનુક્રમે ૧૦%, ૧૫%, ૨૫% અને ૫૦% સુધી ફીના દરમાં રાહત આપી શિષ્યવૃતિના ભાવ સાથે નવાજવામાં આવશે.

પ્રોત્સાહનવિધિના દોરમાં શિક્ષક શ્રી સંજયભાઈ પટેલના આયોજન હેઠળ શૈક્ષણિક તેમજ સહશૈક્ષણિક પ્રવૃત્તિમાં મોખરે રહેનાર તથા સંસ્થાની વિવિધ સેવાઓમાં નિષ્ઠાપૂર્વક કાર્યરત રહેનાર વિદ્યાર્થીઓને મંચસ્થ મહાનુભાવોના વરદ્ હસ્તે પ્રમાણપત્ર તેમજ મેડલ એનાયત કરી

બિરદાવવામાં આવ્યા હતા. સાથે-સાથે ધો. ૧૦ ના અને ૧૨ ના વિદ્યાર્થીઓને સ્મૃતિ ભેટ અર્પણ કરવામાં આવેલ.

સંસ્થા પ્રત્યેનું ઋણ અદા કરતા ધો. ૧૦ ના વિદ્યાર્થીઓએ રૂા. ૩૯,૦૦૧ અને ધો. ૧૨ ના વિદ્યાર્થીઓએ રૂા. ૧૨,૦૦૦ ની રકમના પ્રયોગના સાધનો ખરીદી સંસ્થાને કૃષ્ણાર્પણ કરેલ. વિદ્યાર્થીઓની આવી ઉદાત ભાવનાએ વાતાવરણ ભાવવિભોર બનાવી દીધું હતું.

દિક્ષાંત પ્રવચન આપતા સંચાલક શા. સ્વામી દેવચરણદાસજીએ વિદ્યાર્થી તેમજ તેમના વાલીઓને સદૈવ પંચવર્તમાનમાં રહી જીવન જીવવાની પ્રેરણા આપી હતી. સ્વામીશ્રીએ ગુરુકુલ તેમજ વિદ્યામંદિરના સમગ્ર કર્મચારીગણને વર્ષ દરમ્યાનની કામગીરી બદલ સંતો અને ટ્રસ્ટીઓના હસ્તે ભેટ અર્પણ કરાવી અભિનંદિત કર્યા હતા. ત્યારબાદ સમારંભને દિવસે ભોજનના દાતા પ.ભ. શ્રી શિવજીભાઈ જાદવા કેરાઈ (રામપર હાલે લંડન) નું મોમેન્ટ અને પુષ્પમાળ દ્વારા વડીલ સંતશ્રીના હસ્તે સન્માન કરાયું હતું.

કાર્યક્રમના અંતે પ્રાથમિક વિભાગના આચાર્ય શ્રી અરૂણભાઈ જોષીએ સર્વેનો આભાર માન્યો હતો. કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન વિદ્યામંદિરના નિયામક શ્રી નયનભાઈ હ. ચાવડાએ સંભાળ્યું હતું. આચાર્ય શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમને સફળ બનાવવા માટે ગુરુકુલ તેમજ શાળાના સમગ્ર કર્મચારીગણે ઉત્સાહસભર જહેમત ઉઠાવી હતી.

અહે. : મંજુલાબેન રાબડીયા, ભરતબા જાડેજા

## માધાપર : ૧૧૪ મા વાર્ષિક પાટોત્સવ નિમિત્તે પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવ

ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણ કૃપા તથા ભુજ મંદિરના મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજી આદિ સંતોના રૂડા આશીર્વાદથી ગામ માધાપર-નવાવાસના શ્રી સ્વામિનારાયણ મંદિર (ભાઈઓ તથા બહેનો બન્ને) મધ્યે ૧૧૪ મા વાર્ષિક પાટોત્સવ નિમિત્તે પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવનું આયોજન તા. ૩૦-૫-૨૦૧૧, સોમવારથી તા. ૩-૬-૨૦૧૧, શુક્રવાર સુધી રાખવામાં આવેલ. આ કથા પારાયણ મહોત્સવના યજમાનપદે પ.ભ. શ્રી લક્ષ્મણભાઈ કાનજી ગોરસીયા તથા પ.ભ. શ્રી શામજીભાઈ કરસન ગોરસીયા પરિવારે લાભ લીધો હતો.

આ કથા પારાયણના વક્તાપદે પુ. સ્વામી ધર્મવિહારીદાસજી, પુ. સ્વામી ભક્તિવિહારી દાસજી તાથ સ્વામી શ્યામકૃષ્ણદાસજી એમ ત્રણ સંતો રહ્યા હતા. સંગીતના સૂર શ્રીજીનંદનદાસજી સ્વામીએ આપ્યા હતા.

કથાના પ્રથમ દિવસે સાંજના ૫:૦૦ વાગ્યે બાલમુકુંદ શ્રી ઘનશ્યામ મહારાજનો જન્મોત્સવ ગામના બાલયુવક મંડળના બાળકોએ દાંડીયારાસ સાથે આનંદ ઉત્સાહથી ઉજવેલ હતો. તે જ દિવસની રાત્રીએ યજમાન પરિવાર તરફથી બન્ને મંદિરોમાં રાસોત્સવનું આયોજન ગામના યુવક મંડળ, બાલમંડળ તથા ભુજ મંદિરના વિદ્યાર્થી સંતો તથા ગામના સર્વે હરિભક્તો સાથે રહી બેન્ડ, ઢોલ, વાજીંત્ર સાથે ઉત્સાહપૂર્વક ઉજવાયો હતો.

કથાના બીજા દિવસે રાત્રે યુવા સંમેલનની સભામાં શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી તથા પુ.

સ્વામી કેશવજીવનદાસજી તથા મંડળના સંતોએ વચનામૃતના આધારે સદ્‌બોધ આપી ભક્તોને રાજી કર્યા હતા.

કથાના ચોથા દિવસે શ્રી નરનારાયણ પિઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી કૌશલેન્દ્ર પ્રસાદજી મહારાજની તથા ઠાકોરજીની ભવ્યાતિ-ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. ગામની બહેનો સુંદર કળશ ધારણ કરી સમગ્ર ગ્રામજનો સાથે તથા ભક્તજનો સાથે મંદિરે પધાર્યા હતા.

મહારાજશ્રીના વરદ્ હસ્તે બન્ને યજમાન પરિવારને ભુજ મંદિર તથા માધાપર મંદિર તરફથી પહેરામણી કરવામાં આવેલ. મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સાથે અમૃતવાણીનો લાભ મળેલ.

કથાના પાંચમા દિવસે સવારના ૫:૪૫ વાગ્યે મંદિરના પાટોત્સવ નિમિત્તે હરિકૃષ્ણ મહારાજનો અભિષેકનો યજમાન પરિવારે લાભ લીધો હતો ત્યારબાદ બન્ને મંદિરમાં મહારાજશ્રીના વરદ્ હસ્તે પાટોત્સવની આરતી કરવામાં આવેલ. ત્યારબાદ સંતોના રૂડા આશીર્વાદ સાથે પૂર્ણાહુતિની આરતી ઉતારી ધુન, કીર્તન, પૂજનવિધિ, ઉત્થાપન્નવિધિ કરવામાં આવેલ.

- અહેવાલ : અરજણભાઈ (મંત્રી)

## માંડવી : પંચાહ્ન પારાયણ

માંડવી શ્રી વૃંદાવનવિહારી હરિકૃષ્ણ મહારાજના પરમ સાંનિધ્યમાં તા. ૧૧-૪-૨૦૧૧ થી તા. ૧૫-૪-૨૦૧૧ સુધી શ્રી નિષ્કુળાનંદ કાવ્ય પંચાહ્ન પારાયણ મહોત્સવ ઉજવાયો. જેના યજમાનપદે ગામ નાગલપર હાલે લંડનના અ.નિ. માવજી રામજી છભાડીયા પરિવાર રહ્યા હતા.

તા. ૨૬-૪-૨૦૧૧ થી તા. ૩૦-૪-૨૦૧૧ સુધી શ્રીહરિચરિત્રામૃતસાગર પંચાહ્ન પારાયણ ગામ નાગલપર હાલે નૈરોબીના અ.નિ. અમરબાઈ વિશ્રામ છભાડીયા હ. નાનજી વિશ્રામ છભાડીયા પરિવારના યજમાનપદે યોજાઈ હતી.

તા. ૧-૫-૨૦૧૧ થી તા. ૫-૫-૨૦૧૧ સુધી શ્રીમદ્ ભાગવત પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવ ગામ પિયાવાના ખીમજીભાઈ કેશરા હીરાણી, અ.નિ. ધ.પ. કેશરબાઈ, ધ.પ. હંસાબેન, સુત નારાણ ખીમજી, વિનોદ ખીમજી પરિવાર તરફથી પારાયણ મહોત્સવ ઉજવાઈ ગયો.

જેમાં માંડવી પાંચે કાંધાના હરિભક્તોએ કથામૃતનો લાભ લીધો હતો. ઉપરોક્ત કથામાં વક્તાપદે પૂ. સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજી તથા શા. સ્વામી ભક્તવત્સલદાસજીએ પોતાની અમૃતવાણીનો લાભ આપ્યો હતો. ઉપરોક્ત પારાયણ માંડવી સ્વામિનારાયણ મંદિરના મહંત સ.ગુ.પુ. સ્વામી નિરન્નમુક્તદાસજીના માર્ગદર્શન હેઠળ માંડવી મંદિર-ના કોઠારી પુ. સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી તથા પુ. સ્વામી હરિમુકુંદદાસજીએ વ્યવસ્થા સંભાળી હતી.

- અહેવાલ : કોઠારી સ્વામી હરિમુકુંદદાસજી

## શ્રી સ્વામિ. વિદ્યાલય માંડવી : કાળા ડુંગર વિદ્યાકોટનો પ્રવાસ

શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ સંચાલિત શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય માંડવીના ૯૦ વિદ્યાર્થીઓનો કાળાડુંગર તથા વિદ્યાકોટ ચોકીનો બે દિવસીય પ્રવાસ યોજાયો હતો.

કાળા ડુંગર પર શાળાના વિદ્યાર્થીઓએ દેશભક્તિથી યુક્ત સાંસ્કૃતિક કાર્યક્રમ પણ રજૂ કર્યો હતો. આ કાર્યક્રમને નિહાળવા જંગલખાતાના અધિકારીઓ, સલામતી રક્ષકો તેમજ પ્રવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વિદ્યાર્થીઓએ પ્રવાસના બીજા દિવસે ‘ઈન્ડિયા બ્રિજ’ પાર કરી ધર્મશાળા ચોકી થઈ

વિદ્યાકોટ ચોકી પહોંચ્યા હતા.

સરહદી ચોકી પર વિદ્યાર્થીઓએ સીમાના સંત્રીઓ સાથે ગોષ્ઠિ કરી હતી તેમજ સરહદ પર વિષમ પરિસ્થિતિ વચ્ચે માભોમની રક્ષા કરતા જાંબાઝ જવાનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

વિદ્યાકોટ ચોકી પર આવેલા મંદિરમાં શા. સ્વામી અક્ષરપ્રકાશદાસજીએ ભગવાન શ્રી સ્વામિનારાયણની છબી પણ પોતાના હાથે પધરાવી હતી. તેમણે જવાનોની ભાવનાને બિરદાવી, ભગવાનનો પ્રસાદ પણ આપ્યો હતો. વિદ્યાકોટ ચોકીના જવાનોએ પણ વિદ્યાર્થીઓ સાથે હળીમળી પોતાના મિલનસાર સ્વભાવનો પરિચય કરાવ્યો હતો.

આ બે દિવસીય પ્રવાસમાં વિદ્યાર્થીઓ સાથે શાળાના શિક્ષકો, આચાર્ય શ્રી મદનસિંહ ચાવડા, સંસ્થાના પ્રમુખ શા. સ્વામી અક્ષરપ્રકાશદાસજી તથા સ્વામી વેદપ્રકાશદાસજી જોડાયા હતા.

- અહેવાલ : આચાર્યશ્રી

## અંજાર : શ્રીમદ્ ભાગવત સપ્તાહ

અંજાર શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત સ.ગુ. સ્વામી ભગવદ્જીવનદાસજી, સ.ગુ.શા. સ્વામી વિશ્વપ્રકાશદાસજી, સ.ગુ.પુ. સ્વામી કૃષ્ણપ્રિયદાસજી આદિ સમસ્ત સંતમંડળના શુભ સંકલ્પથી તા. ૧૦-૫-૧૧ થી તા. ૧૬-૫-૧૧ દરમ્યાન અંજાર મધ્યે બિરાજમાન સર્વાવતારી પ્રભુ શ્રી ઘનશ્યામ મહારાજના શુભ સાંનિધ્યમાં સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન થયું હતું. આ પાવન પ્રસંગે પોથીયાત્રા, શ્રીરામ જન્મોત્સવ, શ્રીકૃષ્ણ જન્મોત્સવ, રાસોત્સવ, રુકમણી વિવાહ, નારાયણ યજ્ઞ વગેરે વિવિધ કાર્યક્રમો દ્વારા ધામધુમથી ઉજવવામાં આવેલ. આ પ્રસંગને શોભાવવા શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજના પ.પૂ. મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજી આદિ સંતો પધાર્યા હતા.

વક્તાપદે કથાકાર શા. સ્વામી નારાયણમુનિ દાસજીએ કથાનું રસપાન કરાવ્યું હતું. તેઓશ્રીએ પ્રસાદીના વંડામાં થયેલ કથા પ્રસંગે ૪૮ સંહિતા યજમાનો તથા લાભ લેનાર ભક્તોને બીરદાવ્યા હતા. પૂ. મહંતસ્વામી તથા વડીલ સંતોએ પણ યજમાનશ્રીને શુભ આશિષ સાથે બીરદાવ્યા હતા.

રાત્રે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા હરિભક્તોના મનોરંજનનું આયોજન કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તથા મહિલા મંડળ દ્વારા થયું હતું.

કથાના મુખ્ય યજમાન શ્રી કાનજીભાઈ માવજીભાઈ નાકરાણી સહપરિવાર તથા અ.નિ. નરશીભાઈ લખમશીભાઈ ઠક્કર સહપરિવાર હ. સુરેશભાઈ રહેલ તથા કૃષ્ણ જન્મોત્સવના યજમાન શ્રી કાનજીભાઈ માવજીભાઈ નાકરાણી, સુત સુરેશભાઈ તથા ભાવેશભાઈ થયેલ તથા પંચાજીરીના યજમાન પ્રેમજીભાઈ કાનજીભાઈ હીરાણી, રામ જન્મોત્સવના યજમાન અ.નિ. કાન્તિલાલ પ્રેમજીભાઈ માનસત્તા હ. રાજેશભાઈ, રુકમણી વિવાહના યજમાન વરપક્ષના છગનભાઈ નારાણજીભાઈ સોની તથા અ.નિ. મુરજીભાઈ પરસોત્તમભાઈ પરિવાર હ. પ્રવીણભાઈ તેમજ કન્યાપક્ષના યજમાન મુલચંદભાઈ પરબતભાઈ ભુડિયા, ધ.પ. વનિતાબેન (લંડન), પ.ભ. મણીભાઈ નારાણજીભાઈ ઠાકરાણી, સુત સંજય તથા નવીન તથા પૌત્ર મંત્રકુમાર થયેલ.

કાર્યક્રમને સફળ બનાવવા સંતોમાં પુ. સ્વામી સરયુદાસજી તથા પુ. બદ્રીશ્વરદાસજી, કોઠારી પ્રેમજીભાઈ હીરાણી, ટ્રસ્ટીમંડળના સદસ્યો તથા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તથા આસપાસના ગામોના હરિભક્તો પોતાનો અનમોલ કિંમતી સમય આપીને તૈયારીઓમાં જોડાયા હતા.

- અહેવાલ : મેહુલ પી. ઠક્કર

**જય શ્રી સ્વામિનારાયણ**

## અંજાર : શ્રી ઘનશ્યામ મહારાજ વાર્ષિક પાટોત્સવ પ્રસંગે શ્રી હરિબળગીતા અને શિક્ષાપત્રીભાષ્ય પંચાહ્ન પારાયણ

અંજાર મંદિરના મહંત સ.ગુ. સ્વામી ભગવત્‌જીવનદાસજી, સ.ગુ. શા. સ્વામી વિશ્વપ્રકાશ દાસજી, પુરાણી સ્વામી કૃષ્ણપ્રિયદાસજી, આદિ સમસ્ત સંતમંડળના હસ્તે તા. ૦૪-૦૪-૨૦૧૧ થી તા. ૦૮-૦૪-૨૦૧૧ દરમ્યાન અ.નિ. સ.ગુ. સ્વામી ધર્મકિશોરદાસજી તથા અ.નિ. સ.ગુ. શા. સ્વામી શ્રીરંગદાસજી તથા અ.નિ. સ.ગુ.પુ. સ્વામી પતિતપાવનદાસજીની પુણ્યસ્મૃતિમાં સંગીત સાથે પંચદિનાત્મક પંચાહ્ન પારાયણ તથા પૂર્ણાહુતિએ શ્રી ઘનશ્યામ મહારાજના પાટોત્સવ પ્રસંગે ઘનશ્યામ મહારાજનો વેદોક્તમંત્ર દ્વારા ષોડષોપચારે પંચામૃત મહાઅભિષેક તથા મહા અન્નકૂટ ભવ્યતા સાથે ઉજવાયો હતો.

વક્તાપદે કથાકાર શા. સ્વામી નારાયણમુનિ દાસજી તથા શા. સ્વામી ગોલોકવિહારીદાસજી રહ્યા હતા. અંજાર સત્સંગ સમાજે કથાનું આયોજન કરેલ તથા પાટોત્સવ પ્રસંગે ઘનશ્યામ મહારાજનો પંચામૃત મહાઅભિષેક તથા મહાઅન્નકૂટના યજમાન ગામ પુનાના ગજેન્દ્રભાઈ પ્રભુલાલ ચૌહાણ, સુત રાજેન્દ્રભાઈ તથા કનકભાઈ તથા સમસ્ત પરિવાર રહેલ તથા એક દિવસ સમૂહભોજનના યજમાન કિરણભાઈ લાલજીભાઈ બેચર પરિવાર તથા પ્રવીણભાઈ રાણા, મનિષભાઈ ઠક્કર, રમેશભાઈ ગઢવી બનેલ. વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા યોજાયેલ.

આ પ્રસંગે શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજથી પ.પૂ. મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજી તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા સ.ગુ. પાર્ષદ કોઠારી સ્વામી જાદવજી ભગત તથા અન્ય પૂ. વડીલ સંતો તથા અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત સ.ગુ. શા. સ્વામી હરિકૃષ્ણદાસજી તથા નારાણઘાટ સ્વામિનારાયણ મંદિરના મહંત સ.ગુ. શા. સ્વામી દેવપ્રકાશદાસજી તથા પુ. સ્વામી નારાયણચરણદાસજી પોતાના સંતમંડળ સાથે પધાર્યા હતા. સ.ગુ. શા. સ્વામી વિશ્વપ્રકાશદાસજી તથા શા. સ્વામી અક્ષરપ્રકાશદાસજી સ્વામી વગેરેએ સભામાં પ્રવચનો કર્યા હતા. સભા આયોજન તથા સંચાલન સ.ગુ. પુરાણી સ્વામી કૃષ્ણપ્રિયદાસજીએ શોભાવ્યું હતું અને સંગીતમાં સ્વામી અક્ષરમુક્તદાસજી તથા વિનિતભાઈ (ઓક્ટ્રોપેડવાદક) તથા તેમના સહયોગી મિત્રોએ સાથ આપ્યો.

- અહેવાલ : મેહુલ પી. ઠક્કર

## અંજાર : શ્રીરામ-ઘનશ્યામ જન્મોત્સવ

અંજાર શ્રી સ્વામિનારાયણ મંદિરે મંડળના મહંત સ.ગુ. સ્વામી ભગવદ્‌જીવનદાસજીની આજ્ઞાથી તથા કોઠારી શા. સ્વામી નારાયણમુનિદાસજીની પ્રેરણાથી તા. ૧૨-૦૪-૨૦૧૧ ના શ્રીરામ નવમીના દિવસે ભગવાન શ્રીરામનો જન્મોત્સવ મધ્યાહ્ને તથા ભગવાન શ્રી સ્વામિનારાયણનો જન્મોત્સવ રાત્રે ઉજવવામાં આવ્યો. સર્વે હરિભક્તોને પંજરી તથા પંચામૃત પ્રસાદનું વિતરણ થયેલ. રાત્રે ૧૦:૧૦ મિનિટે મંદિરના પટાંગણમાં શ્રી ઘનશ્યામના નાદ સાથે સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

હરિભક્ત યજમાન અ.નિ. પ્રેમજીભાઈ નરશીભાઈ હાલાણી, હ. હરિઓમભાઈ, સુત નિરજકુમાર સહપરિવારે પોતાના સ્વજનોના મોક્ષાર્થે તથા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રસન્નતાર્થે આ દિવ્ય મહોત્સવ માટે તન, મન અને ધનથી પ્રસંગને ઉજવવા ઉદારતા દાખવી.

અંજાર મંદિરના મહંત સ.ગુ. સ્વામી

ભગવદ્જીવનદાસજીએ સૌ હરિભક્તોને આવકાર આપી જણાવ્યું કે શ્રીરામનવમી તથા શ્રી સ્વામિનારાયણ જયંતી વગેરે ધાર્મિક તહેવારોના વ્રત ઉપવાસ કરવા. રાત્રે ઉજવવામાં આવેલ શ્રી ઘનશ્યામ જન્મોત્સવ પ્રસંગે આયોજિત સભાનું આયોજન તથા સંચાલન સ.ગુ. કોઠારી શા. સ્વામી નારાયણમુનિ દાસજીએ કર્યું હતું.

- અહેવાલ : મેહુલ પી. ઠક્કર

## અંજાર : પંચાહ્ન પારાયણ

અંજાર શ્રી સ્વામિનારાયણ મંદિરે શ્રીહરિલીલામૃત પંચાહ્ન પારાયણ કથાનું તા. ૨૫-૩-૨૦૧૧ થી તા. ૨૯-૩-૨૦૧૧ દરમ્યાન આયોજન થયું હતું.

વક્તાપદે કથાકાર કોઠારી સ.ગુ. શા. સ્વામી નારાયણમુનિદાસજી તથા પુરાણી સ્વામી સરયુદાસજીએ કથાનું રસપાન કરાવ્યું હતું. કથાના યજમાન ગામ ભુજના સાં.યો. બહેનોના મહંત અ.નિ. ધનબાઈ કારાના સ્મરણાર્થે અંજાર શ્રી સ્વામિનારાયણ મંદિરના સાં.યો. મહંત ત્રિવેણીબેનના અધ્યક્ષપદે સમગ્ર મહિલા મંડળે આ કથાનું આયોજન કરેલ.

- અહેવાલ : મેહુલ પી. ઠક્કર

## શ્રી સ્વામિ. સત્સંગ ભુવન-થાણા

ઈષ્ટદેવ શ્રીહરિ, શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી, મહંત સ્વામી પુરાણી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. પુ. સ્વામી કેશવપ્રસાદદાસજી, સ.ગુ. સ્વામી હરિજીવનદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત તથા ભુજ મંદિરના તમામ વડીલ સંતોના રૂડા આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભુવન-થાણામાં બે મહિનામાં બે ઉત્સવો સ.ગુ. સ્વામી મુકુંદજીવનદાસજીના સાંનિધ્યમાં તથા પ.પૂ.સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજીના અધ્યક્ષપદે ધામધૂમથી ઉજવાયા.

**શ્રી નરનારાયણ જયંતી :** તા. ૨૧-૩-૨૦૧૧ ના રોજ શ્રી નરનારાયણ જયંતી પ્રસંગે ફૂલદોલ ઉત્સવ ઉજવાયો. જેમાં પ.પૂ. પુ. સ્વામી શ્રીપ્રકાશદાસજી, પ.પૂ. શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, પ.પૂ.પુ. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી આદિ સંતોએ નરનારાયણદેવના પાદુર્ભાવની તથા મહિમાની ખૂબ વાતો કરી. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભક્તોએ કથાશ્રવણ તથા મહાપ્રસાદનો લાભ લીધો.

**શ્રીહરિ જયંતી :** તા. ૧૦-૪-૨૦૧૧ થી તા. ૧૨-૪-૨૦૧૧ સુધી ત્રિદિવસીય પારાયણનું આયોજન થયું. જેમાં શ્રી સત્સંગિભૂષણના ચતુર્થઅંશની કથાનું પાન પ.પૂ. શા. સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજીએ કરાવ્યું. આ બન્ને પ્રસંગે પ.પૂ. સ્વામી માધવચરણ દાસજી ઠાકોરજીની સેવામાં રહ્યા. શ્રીહરિ જન્મોત્સવના ઉપક્રમે રાસોત્સવ પણ રાખવામાં આવ્યો. બપોરના ૧૨:૦૦ વાગ્યે શ્રી રામજન્મોત્સવ ઉજવવામાં આવ્યો. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભક્તોએ કથાશ્રવણ તથા મહાપ્રસાદનો લાભ લીધો.

આ બન્ને પ્રસંગ દરમ્યાન સ.ગુ. સ્વામી મુકુંદજીવનદાસજી તથા સ.ગુ.પુ. સ્વામી બાલકૃષ્ણદાસજીએ રૂડા આશીર્વચન પાઠવ્યા. સ્વામીએ સર્વે હરિભક્તોને આગ્રહભરી વિનંતી કરી કે મહારાજે ખૂબ દયા કરીને અહીં મંદિર કરાવી આપ્યું છે તો રોજ દર્શન કરવાનો નિયમ જરૂર રાખજો અને અમે ભગવાનને પ્રાર્થના કરશું કે તમને બધાને સુખીયા કરે. આ પ્રસંગે આખો સભામંડપ ખીચોખીચ ભરાઈ ગયો હતો.

-અહેવાલ : નીતિન દામજી ખુથીયા (મંત્રી)

## શ્રીહરિ તપોવન ગુરુકુલ રામપર ગંગાજી નવા હોદ્દેદારોની નિમણૂંક

શ્રીહરિ તપોવન ગુરુકુલ ગંગાજી રામપર મધ્યે તા. ૧૫-૪-૨૦૧૧, શુક્રવારના દિવસે ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના સ.ગુ.પુ. મહંત સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ.પુ. સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, સ.ગુ.પુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી આદિ સંતો અને આસપાસના ગામોના હરિભક્તોની ઉપસ્થિતિમાં શ્રીહરિ તપોવન ગુરુકુલ ગંગાજી ટ્રસ્ટના નવા હોદ્દેદારોની નિમણૂંક કરવામાં આવી હતી. મહંત સ્વામીના આશીર્વચન સાથે સભાની શરૂઆત કરવામાં આવી. ત્યારબાદ જૂના ટ્રસ્ટીઓને બિરદાવવામાં આવ્યા હતા. નવા નિમણૂંક પામેલ હોદ્દેદારોને મહંત સ્વામીએ સોંપાયેલ કાર્યમાં સફળ થવા શુભકામના આપી હતી. નવા નિમાયેલ હોદ્દેદારોની નામાવલિ નીચે મુજબ છે.

અધ્યક્ષ : સ.ગુ. મહંત પુ. સ્વામી ધર્મનંદનદાસજી, પ્રમુખ : પુ. સ્વામી વિશ્વવલ્લભદાસજી, ઉપપ્રમુખ : શ્રી ભીખાલાલ લાલજી રાબડીયા (વાડાસર), મંત્રી : પુ. સ્વામી ભક્તિવિહારીદાસજી, સહમંત્રી : શ્રી લક્ષ્મણભાઈ મનજી વરસાણી (વેકરા હાલે ભુજ) ખજાનચી : શ્રી હરજીભાઈ ખોડા વેકરીયા (રામપર), ટ્રસ્ટી : શ્રી ખીમજીભાઈ રામજી ભુડિયા (દહીંસરા).

સભ્ય સમિતિ : શા. સ્વામી દેવચરણદાસજી, પુ. સ્વામી શાંતિસ્વરૂપદાસજી, સ્વામી શ્રીજીનંદનદાસજી, શ્રી શામજીભાઈ હરજી હાલાઈ (ગોડપર), શ્રી કલ્યાણભાઈ નારણ ભુજપરીયા (રામપર), શ્રી વિશ્રામભાઈ કાનજી કારા (રામપર), શ્રી અરજણભાઈ મનજી વેકરીયા (રામપર), શ્રી શામજીભાઈ વાલજી આસાણી (રામપર).

શ્રીહરિવિદ્યા મંદિરની શિક્ષણ સમિતિ : શ્રી પ્રવિણભાઈ નારણ પિંડોરીયા (દહીંસરા), શ્રી વિજયભાઈ મેઘજી કારા (દહીંસરા), શ્રી પ્રવિણભાઈ કાનજી હીરાણી (વેકરા), શ્રી રવજીભાઈ વેલજી ભુડિયા (વાડાસર).

સભાના અંતમાં મહંત સ્વામીએ પધારેલ આસપાસના ગ્રામજનોને પ્રસાદીરૂપી આશીર્વાદ આપી સર્વેને રાજી કર્યા હતા.

- અહેવાલ : સ્વામી ભક્તિવિહારીદાસજી

## રાપર : ત્રિદિવસીય કથા પારાયણ

રાપર શ્રી સ્વામિનારાયણ મંદિરના પટાંગણમાં તા. ૫-૬-૨૦૧૧ થી તા. ૭-૬-૨૦૧૧ દરમ્યાન શ્રીમત્ સત્સંગિજીવન ત્રિદિવસીય કથા પારાયણ એવમ્ ૬ઠ્ઠો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો.

અ.નિ.સ.ગુ. પુ. સ્વામી ઘનશ્યામજીવન દાસજીના મંડળના સંતો સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સ્વામી શાંતિપ્રિયદાસજીના નેતૃત્વ હેઠળ આયોજન કરવામાં આવેલું.

સમગ્ર ઉત્સવના યજમાન અ.નિ. ભરત બાબુલાલ દાવડા, જયાબેન બાબુલાલ દાવડા, વિનોદ બાબુલાલ દાવડા, હરેશ બાબુલાલ દાવડા પરિવાર રહ્યા હતા.

કથાના વક્તા સ્વામી ધર્મવિહારીદાસજી, સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ સંગીત સાથે કથાનું રસપાન કરાવ્યું હતું. સંગીતમાં સ્વામી શ્રીજીનંદન દાસજી રહ્યા હતા. સભાનું સંચાલન સ્વામી વિશ્વવલ્લભદાસજી તથા સ્વામી દેવચરણદાસજીએ સંભાળ્યું હતું.

આ પ્રસંગે ભુજથી સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશ દાસજી, સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, સ્વામી હરિનારાયણદાસજી, સ્વામી વિશ્વજીવનદાસજી, માંડવીથી સ્વામી નિરન્નમુક્તદાસજી, રાપર સ્વામિનારાયણ ગુરુકુળથી શા. સ્વામી વિજ્ઞાનસ્વરૂપ દાસજી આદિ બહોળી સંખ્યામાં સંતો પધાર્યા હતા.

તા. ૭-૬-૨૦૧૧ ના રોજ ઠાકોરજીનો પંચામૃતથી મહાઅભિષેક કરવામાં આવ્યો હતો.

રસોડા વિભાગમાં કાનજી કારૂ, નાનજી આણદા, રામજી આણદા, ઘનશ્યામ ગામી તેમજ કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો તથા બહેનોએ સારી સેવા બજાવી હતી. સેવાર્થી તથા મહેમાનોનું યજમાન દ્વારા સંતોના હસ્તે પહેરામણી આપી સન્માન કરાયું. આમ સુંદર અને ભવ્ય રીતે ઉત્સવ ઉજવાયો.

- અહેવાલ : કેતન દાવડા, તેજશ ચાવડા

## કેરા : પંચાહ્ન પારાયણ

ગામ કેરામાં તા. ૫-૬-૨૦૧૧ થી તા. ૯-૬-૨૦૧૧ સુધી પંચદિનાત્મક પંચાહ્ન પારાયણનું આયોજન કરવામાં આવ્યું. આ મહોત્સવના યજમાન ગામ કેરાના વાલજીભાઈ ધનજી તથા તેમના પુત્ર અરવિંદ, પૌત્ર રવિલાલ વરસાણી રહ્યા હતા.

આ પ્રસંગે ભુજ મંદિરેથી શા. સ્વામી લક્ષ્મણજીવનદાસજી, સ્વામી અક્ષરવલ્લભદાસજી પોતાનું મંડળ લઈ પધાર્યા હતા. પુરાણી સ્વામી મહાપુરુષ દાસજીએ રામાનંદ સ્વામીનું આખ્યાન સંભાળાવ્યું હતું.

રાત્રે યજમાનશ્રીની દીકરીયું તરફથી ઠાકરથાળીનો ઉત્સવ રાખવામાં આવેલ. ત્રીજા દિવસે રાત્રે પણ યજમાનશ્રી તરફથી ઠાકરથાળીનો ઉત્સવ ઉજવવામાં આવેલ હતો.

ચોથા દિવસે ભુજ મંદિરેથી સ.ગુ.પુ. મહંતસ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજી આદિ વડીલ સંતોએ પધારી યજમાનશ્રી તથા સૌ હરિભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. તે જ દિવસે રાત્રે માવજીભાઈ ધનજી વરસાણી પરિવાર તરફથી ઠાકરથાળીનો ઉત્સવ રાખવામાં આવેલ.

પાંચમા દિવસે કથા સમાપ્તિ બાદ સમુહ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ. આ મહોત્સવમાં યુવક મંડળે સ્ટેજ શણગાર તથા લાઈટ તથા સાઉન્ડની સેવા કરી હતી. મંદિરની કમિટીએ પૂરતો સહયોગ આપ્યો હતો. તમામ પ્રસંગો સંતોના માર્ગદર્શન હેઠળ પૂર્ણ થયા હતા.

- અહેવાલ : શીના ભુવા

## ભુજ : પ્રસાદી સ્થળ યાત્રા દર્શન

ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાને પાવન કરેલાં ભુજધામના પ્રસાદીરૂપ તીર્થસ્થાનોના દર્શન સંતો સાથે ગામ મદનપુર, સુખપર તથા શ્રી નરનારાયણનગરના કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના ૧૨૮ જેટલાં યુવાનો ધ્વજાથી શોભાયમાન કરેલ ૫૦ બાઈક તથા સંતો માટે ૩ કાર સાથે તા. ૫-૬-૨૦૧૧, રવિવારના શુભ દિવસે શ્રી નરનારાયણદેવ આદિ દેવોનાં દર્શન કરીને વડીલ સંતોએ આ યાત્રાને પ્રસ્થાન કરાવી હતી.

ચાર કલાકમાં આ યાત્રા પૂર્ણ કરી મંદિરમાં સભામંડપમાં મહંત સ્વામી વગેરે વડીલ સંતોએ યુવાનોને આશીર્વાદ આપ્યા હતા. આ યાત્રામાં યુવાનો સાથે માર્ગદર્શક સંતોમાં મંદિરના વયોવધ્ધ વડીલ સંત સ.ગુ. સ્વામી સનાતનદાસજી, સ.ગુ. સ્વામી વિશ્વજીવનદાસજી, પુ. સ્વામી શ્રીપ્રકાશદાસજી આદિ ૧૨ યુવાન સંતો પણ જોડાયા હતા. આ યાત્રાની ખુશાલીમાં યાત્રામાં જોડાયેલ સૌ યુવાનો સાથે મળીને ઠાકોરજીને ભેટ તથા સંતોને ધોતીયા ઓઢાડી યાત્રાની સમાપ્તિ કરી હતી.

- અહે. : ક. શ્રી ન. ના. દેવ યુવક મંડળ- મદનપુર

## દૂધઈ : વાર્ષિક પાટોત્સવ

શ્રી સ્વામિનારાયણ મંદિર-દૂધઈનો પાટોત્સવ વૈશાખ સુદ સાતમના દિવસે ધામધૂમથી ઉજવવામાં આવ્યો. ભુજ મંદિરના સંતોના વરદ્ હસ્તે પંચામૃતથી ઠાકોરજીને અભિષેક કરવામાં આવ્યો.

સાં.યો. બહેનોએ પણ પંચામૃતથી ઠાકોરજીનો અભિષેક કર્યો હતો. આ પ્રસંગે સાં.યો. બહેનોએ સંગીતમય ત્રિદિવસીય કથાનું અમૃતપાન કરાવ્યું હતું. આ પ્રસંગે મુંબઈથી યુવક મંડળના યુવકોએ પધારી ઠાકોરજીના અભિષેકનો લાભ લીધો હતો.

- અહેવાલ : દૂધઈ યુવક મંડળ

## મદનપુર : સત્સંગ યાત્રા

શ્રી ઘનશ્યામ બાલ-બાલિકા મંડળ મદનપુર દ્વારા તા. ૪-૬-૨૦૧૧ ના સવારે ૬:૩૦ વાગ્યે શ્રી નરનારાયણદેવના દર્શન કરી અને ભુજ બહેનોના મંદિરના મહંત સાં.યો. શામબાઈ ફઈએ રૂડા આશીર્વાદ આપી અને બાળ-બાલિકાઓને સત્સંગયાત્રાની શુભ શરૂઆત કરાવી હતી. ત્યાંથી ગઢળા, સાળંગપુર, કુંડળ થઈ ધોલેરા, જેતલપુર રાત્રિરોકાણ કર્યું હતું. ત્યાંથી વહેલી સવારે દર્શન કરી અને અમદાવાદ કાલુપર શ્રી સ્વામિનારાયણ મંદિર અને શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દર્શન કરી છેલ્લે મૂળી મંદિરનાં દર્શન કરી તા. ૫-૬-૨૦૧૧ ના સત્સંગયાત્રા પૂર્ણ કરી.

- અહેવાલ : શ્રી ઘનશ્યામ બાલ-બાલિકા મંડળ

## વિદ્યાર્થી ભવન : જ્વલંત સિદ્ધિ

ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપા અને પ.પૂ. મહંત સ.ગુ. સ્વામી ધર્મનંદનદાસજી તથા વડીલ સંતોના આશીર્વાદથી સંચાલક શા. સ્વામી શ્રી હરિવલ્લભદાસજી, સહસંચાલક સંગીતજ્ઞ સ્વામી અક્ષરમુક્તદાસજી, સ્વામી ભક્તિનંદનદાસજી, ટ્રસ્ટી મંડળ, ગૃહપતિ તથા શિક્ષકગણના પ્રયાસથી શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભવન, ભુજના ધો. ૮ થી ધો. ૧૨ સુધીના તમામ વર્ગોનું વાર્ષિક પરીક્ષાઓ તથા બોર્ડની પરીક્ષાઓનું પરિણામ ૧૦૦% આવેલ છે. સંસ્કાર સાથેનું શિક્ષણ આપતી આ સંસ્થાની આ અનેરી જ્વલંત સિધ્ધિ બદલ શિક્ષકગણ, ગૃહપતિ તથા ૪૦૦ થી વધુ વિદ્યાર્થીઓને સંચાલક સ્વામીએ સહર્ષ બિરદાવીને અભિનંદન સાથે આશીર્વાદ પાઠવ્યા હતા. સંસ્થાના ઈતિહાસમાં બધા જ ધોરણનું ૧૦૦% પરિણામ આવવાની આ પ્રથમ ઘટના છે.

## કોડકી ગંગાજી : સત્સંગ શિબિર

શ્રીજી પ્રસાદીભૂત કોડકી ગંગાજી મધ્યે તા. ૩-૫-૨૦૧૧ના રોજ કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ-કોડકીના યુવાનો માટે ચૈત્રી અમાસના દિવસે સંતોના સાંનિધ્યમાં યુવાનોનો સત્સંગ, ધાર્મિક, સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે સર્વાંગી વિકાસ થાય તેને ધ્યાનમાં રાખીને યુવા શિબિરનું આયોજન કરવામાં આવેલ. સવારે પ્રાર્થનાથી શરુઆત કર્યા પછી શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ આગવી શૈલીમાં યુવાનોને સત્સંગમાં નિષ્ઠાવાન બનવાની તેમજ શા. સ્વામી અક્ષરપ્રિયદાસજીએ આજના જમાના પ્રમાણે આધુનિક યુગમાં સત્સંગનું બળ વધે તેની રસપ્રદ વાતો સાથે જ્ઞાન ઉપદેશ આપ્યો હતો. તેમજ કેટલાક યુવાનોએ હિન્દુ ચિહ્ન ‘શિખા’ રાખવાની પ્રતિજ્ઞા પણ લીધી હતી. ત્યારબાદ યુવાનોના વિચાર તેમજ ગેમ સ્પર્ધા પણ રાખવામાં આવેલ અને ધુન કીર્તન સાથે બપોરે શિબિરની પૂર્ણાહુતિ કરવામાં આવી. આ શિબિરમાં ભુજ મંદિરેથી સંતો તેમજ ગામના સત્સંગી ભાઈ-બહેનો જોડાયા હતા. બપોરે મહાપ્રસાદ લઈને સૌ છૂટા પડ્યા હતા. શિબિરના યજમાનપદે જાદવજીભાઈ કુંવરજી હાલાઈ રહ્યા હતા.

- અહે. : ક. શ્રી ન.ના.દેવ યુવક મંડળ-કોડકી

## કન્યા વિદ્યા મંદિર : વાર્ષિક પરિણામ

ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપા તથા પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ. સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યાલય ભુજનું વર્ષ ૨૦૧૦-૨૦૧૧નું પરિણામ વિદ્યાલયની શૈક્ષણિક ગુણવત્તાનું પ્રતિબિંબ

છે. સંતોના આશીર્વાદ, ટ્રસ્ટીમંડળ, શિક્ષકગણ તથા ગૃહમાતાના પરિશ્રમ સાથેના પ્રયાસથી ધો. ૧૨ નું પરિણામ ૧૦૦% આવેલ છે, જે નોંધપાત્ર સિધ્ધિ છે. ઉપરાંત ધો. ૧૦ નું પરિણામ ૯૨.૬૨% અને ધો. ૮, ૯ અને ૧૧ નું પરિણામ ૧૦૦% આવેલ છે. શાળા પરિવારે વિદ્યાર્થિનીઓને આશીર્વાદ સાથે પ્રગતિ માટે શુભેચ્છા પાઠવી હતી.

## શ્રી સ્વામિ. વિદ્યાલય માંડવી : ધો. ૧૦ નું ૧૦૦% પરિણામ

ગુ. મા. અને ઉ.મા. શિ. બોર્ડ પરીક્ષા વિભાગ-વડોદરા દ્વારા માર્ચ-૨૦૧૧ માં લેવાયેલી ધો. ૧૦ (એસ.એસ.સી.) નું શાળાનું પરિણામ ૧૦૦% આવ્યું હતું. કુલ્લ ૬૨ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.

શાળામાં પ્રથમ ક્રમે રાબડીયા અરવિંદ વાલજી (૮૯.૮૦%), બીજા ક્રમે ઠાકરાણી વિમલકુમાર (૮૯.૨૦%) ગુણ સાથે આવેલ. આ બન્ને છાત્રોનો પર્સન્ટાઈલ રેન્ક અનુક્રમે ૯૮.૮૧ અને ૯૮.૫૪ હતું.

સંસ્થાના સંચાલક શા. સ્વામી અક્ષરપ્રકાશ દાસજી, સ્વામી વેદપ્રકાશદાસજીએ શાળાના આચાર્ય, શિક્ષકો તથા છાત્રોને આશીર્વાદ સાથે અભિનંદન આપ્યા હતા. - અહે. : આચાર્યશ્રી

## માનકુવા ગુરુકુળ : અનેરી સિધ્ધિ

ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપા તેમજ મહંત સ.ગુ. સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી શ્રી સહજાનંદ ગુરુકુળ, માનકુવાના વિદ્યાર્થીઓનું ધો. ૧૦ તથા ધો. ૧૨ નું બોર્ડની પરીક્ષાનું પરિણામ સંસ્થાની શૈક્ષણિક ગુણવત્તાનું પ્રતિબિંબ છે. વર્ષ ૨૦૧૦-૧૧નું બોર્ડની પરીક્ષાનું ધો. ૧૦નું પરિણામ ૧૦૦% તેમજ ધો. ૧૨નું પરિણામ ૯૨.૩૧% આવતાં સંસ્થાએ કચ્છની શૈક્ષણિક સંસ્થાઓમાં ગૌરવવતું સ્થાન પ્રાપ્ત કરેલ છે. આવી અનેરી સિધ્ધિ પ્રાપ્ત કરવા બદલ મંદિરના મહંત સ્વામી તથા વડીલ સંતોએ વિદ્યાર્થીઓને આશીર્વાદ સહ અભિનંદન પાઠવ્યા હતા. તેમજ સંચાલક સંતો, ટ્રસ્ટીઓ, શિક્ષકગણ તથા કાર્યકરગણને બિરદાવ્યા હતા. રમત-ગમત ક્ષેત્રે ગુરુકુળના એક વિદ્યાર્થીની પસંદગી વોલીબોલ રમત માટે રાષ્ટ્રીયકક્ષાએ થઈ છે અને તેને આંધ્રપ્રદેશના રાષ્ટ્રીય કેમ્પમાં તાલીમ અપાઈ રહી છે.

## બેંગ્લોર : સત્સંગસભા

મૂળ કચ્છના વાગડ વિસ્તારના ચપરેલી, આમરડી, કુંભારડી, કબરાઉ, દુધઈ, વોંધ, ભચાઉ, મેઘપર વગેરે ગામોના હરિભક્તો વ્યવસાર્થે બેંગ્લોરમાં સ્થાઈ થયા છે. તેમને સત્સંગનો લાભ આપવા માટે ભુજ મંદિરના સંતો સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી આદિ પાંચ સંતોએ ચાર દિવસ ત્યાં રોકાઈ જીવન ઘડતર, ભારતીય સંસ્કારોનું જતન, પરસ્પર એકતા તેમજ વ્યસનમુક્તિ વિષેની વાતો દ્વારા યુવાનોને જાગૃત કર્યા હતા. સંતોના આગમનથી સ્થાનિક વસતા હરિભક્તો ખુશ થયા હતા. સાચા સત્સંગની માહિતી મળવાથી તેમજ છેક કચ્છથી સંતો હરિભક્તોને મળવા તેમજ સંભાળ રાખવા પધારેલ તે બદલ હર્ષની લાગણી અનુભવેલ.

### અક્ષરવાસ

ગામ સુખપર ના પ.ભ. કાનજીભાઈ મનજી ગોરસીયા, તા. ૧૧-૫-૨૦૧૧ ના શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતાં અક્ષરધામ સીધાવ્યા છે. પરમકૃપાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાન દિવંગત આત્માને પોતાના ચરણ સાંનિધ્યનું સુખ આપે એ જ પ્રાર્થના.

ગામ રવાપરના પ.ભ. શ્રી ભાણજીભાઈ નથુભાઈ વાસાણી, ઉ.વ. ૭૧, તા. ૨૪-૩-૧૧ ના શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતાં અક્ષરધામ સીધાવ્યા છે. પરમકૃપાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાન દિવંગત આત્માને પોતાના ચરણ સાંનિધ્યનું સુખ આપે એ જ પ્રાર્થના.

# વિદેશ સમાચાર

## નૈરોબી તાબા : વાર્ષિક જનરલ સભા

તા. ૨૭-૩-૨૦૧૧, રવિવારના રોજ સાંજે ૫:૩૦ કલાકે વાર્ષિક જનરલ મીટીંગ ભાઈઓના સભામંડપના હોલમાં બોલાવવામાં આવેલ હતી. હરિભક્તોની મોટી સંખ્યામાં ઉપસ્થિતિ થતાં મીટીંગનું કાર્ય હાથ ધરતાં ગત મીટીંગની મિનીટ્સનું વાંચન અને ઓડિટર મારફત સભા સમક્ષ કરવામાં આવ્યું. સર્વ હરિભક્તોએ એકાઉન્ટ્સ પરત્વે સંતોષ વ્યક્ત કર્યો. અધ્યક્ષશ્રીએ પોતાના રીપોર્ટસમાં કાર્યવાહક સમિતિ, માનદ્ સભ્યો તથા સર્વ હરિભક્તોએ વર્ષ દરમ્યાન સાથ સહકાર આપ્યા બદલ સર્વેનો આભાર વ્યક્ત કરી ચાલુ કાર્યવાહી કમિટી બરખાસ્ત કર્યા પહેલાં ઈંટરીમ ચેરમેન તરીકે ટ્રસ્ટી મહોદય શ્રી ખીમજીભાઈ શીયાણીની વરણી સભા તરફથી કરવામાં આવી અને ત્યારબાદ ૨૦૧૦ ની કાર્યવાહી સમિતિ બરખાસ્ત કરવામાં આવી.

ઈંટરીમ ચેરમેન શ્રી ખીમજીભાઈના વડપણ હેઠળ ચૂંટણીનું કાર્ય હાથ ધરતાં નીચે જણાવ્યા મુજબ સને ૨૦૧૧ ની સાલ માટે મંદિરની કાર્યવાહી કમિટી તથા માનદ્ સભ્યોની વરણી કરવામાં આવી.

આમ મુખ્ય કાર્યવાહી સમિતિ તથા અલગ-અલગ સેવા માટેની સબ સમિતિના ૨૮ માનદ્ સભ્યોની નિમણૂંક કરી શ્રી ખીમજીભાઈએ નવા ચુંટાયેલ સભ્યો તથા મુખ્ય કમિટીને મંદિરનો વહીવટ સોંપ્યો. ચુંટણીના કાર્ય દરમ્યાન શ્રી ખીમજીભાઈએ સાથ આપી સભા સંચાલન કરનાર શ્રી ગોપાલભાઈ રામજી મેપાણી-બળદિયાનો પણ નવા વરાયેલા અધ્યક્ષશ્રીએ આભાર વ્યક્ત કર્યો હતો.

સમગ્ર કાર્ય ખૂબ જ શાંતિપૂર્વક પૂર્ણ થતાં અધ્યક્ષશ્રીએ સહજાનંદ સ્વામીની જય બોલાવી મીટીંગનું કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું.

ટ્રસ્ટીશ્રીઓ : પ્રેમજી મેઘજી પટેલ-બળદિયા, કરસન લાલજી વેકરીયા-માધાપર, ખીમજી ભીમજી શીયાણી-મીરજાપર, વિશ્રામ રવજી હાલાઈ-સુરજપર, હરજી કલ્યાણ હીરાણી-બળદિયા, નાથાલાલ પરબત હીરાણી-સુરજપર.

ચેરમેન : શ્રી કાનજી કલ્યાણ હીરાણી-બળદિયા, વાઈસ ચેરમેન : શ્રી પરબત પ્રેમજી પટેલ-બળદિયા, સેક્રેટરી : શ્રી જાદવજી લાલજી હાલાઈ-માધાપર, વાઈસ સેક્રેટરી : શ્રી નારાણ રવજી ગોરસીયા-માધાપર, ટ્રેઝરર : શ્રી હરીશ ગોવિંદ મેઘાણી-માધાપર, સહટ્રેઝરર : શ્રી કેશરા કરસન વાલાણી-બળદિયા, ઓડીટર : શ્રી સુરેશ રામજી મેપાણી-બળદિયા, વાઈસ ઓડિટર : શ્રી કિશોર કુરજી ગોરસીયા-દહીંસરા.

કોઠાર/કીચન : શ્રી વાલજી મુરજી પિંડોરીયા-સુરજપર, શ્રી વાલજી કરસન હીરાણી-બળદિયા, શ્રી વિશ્રામ ખીમજી જેશાણી-બળદિયા, શ્રી વાલજી રામજી ભુડિયા-દહીંસરા, શ્રી ધનજી લાલજી રાબડીયા-કેરા, સીક્યુરીટી : શ્રી અરવિંદ લાલજી વેકરીયા-રામપર, શ્રી દિનેશ અરજણ-કોડકી, શ્રી નારાણ જાદવા હીરાણી-બળદિયા, શ્રી પ્રવીણ વાલજી પિંડોરીયા-સુરજપર.

લાઈટ તથા ડેકોરેશન : શ્રી રવજી હરજી વેકરીયા-બળદિયા, શ્રી મનજી હીરજી વેકરીયા-બળદિયા, શ્રી વીરજી મેઘજી પાંચાણી-દહીંસરા, શ્રી રમેશ ધનજી હીરાણી-કોડકી, શ્રી ગોપાલ રવજી વેકરીયા-બળદિયા.

ડોનેશન : શ્રી મનજી પ્રેમજી ડુંગર-બળદિયા, શ્રી હીરજી ખીમજી શીયાણી-મીરજાપર, શ્રી હીરજી પ્રેમજી વેકરીયા-બળદિયા.

બિલ્ડીંગ તથા સારસંભાળ : શ્રી ગોપાલ લાલજી વેકરીયા-રામપર, શ્રી ધનજી નારાણ રાઘવાણી-બળદિયા, શ્રી લક્ષ્મણ લાલજી વેકરીયા-રામપર, શ્રી ભીમજી રવજી હીરાણી-માંડવી.

નર્સરી સ્કૂલ : શ્રી વાલજી ધનજી પાંચાણી-દહીંસરા, શ્રી ધીરજ માવજી રાબડીયા-વાડાસર, શ્રી રવજી દેવજી મેઘાણી-બળદિયા.

બાલસભા : શ્રી ગોપાલ રામજી મેપાણી-બળદિયા, શ્રી દિનેશ શિવજી હીરાણી-મીરજાપર, શ્રી જયેશ શિવજી હીરાણી-સુરજપર, શ્રી નિલેશ હીરજી વેકરીયા-બળદિયા.

## ઈસ્ટલંડન : સેવા પારાયણતા

ભુજ મંદિરના પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજીની પ્રેરણા અને આશીર્વાદથી શ્રી રાધાકૃષ્ણદેવ શતાબ્દિ મહોત્સવ નિમિત્તે શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર, ઈસ્ટલંડનના હરિભક્તોએ ઉત્સવ ઉજવણીના રંગે રંગાઈ તન-મન-ધનથી સેવાકાર્ય હાથ ધરેલ. નીચે દર્શાવેલ હરિભક્તોએ ખાસ સેવા કરી એલ્યુમિનીયમ સેકશનનો ૨૦ ફુટથી પણ ઊંચો ટાવર યુ. કે.થી મંગાવી અર્પણ કરી રૂપિયા એક લાખની સેવા કરી શ્રીજી મહારાજની પ્રસન્નતા પ્રાપ્ત કરી છે. ઉપરાંત ભુજ પ્રસાદી મંદિર, નૂતન મંદિર, માંડવી મંદિર અને અંજાર મંદિર એમ ચાર મંદિરોમાં રસોઈ આપી પોતાનો ભક્તિભાવ પ્રદર્શિત કરેલ છે. આવી ઉમદા સેવાથી સંતવૃંદનો રાજીપો મેળવેલ છે.

શામજી કાનજી વેકરીયા, સુપુત્ર ધર્મેશ (બળદિયા), દેવજી નાથા ખેતાણી (સુખપર), ધનજી વેલજી ભુડિયા (સુખપર), ભીમજી રામજી હીરાણી (બળિદયા), દેવજી રામજી હીરાણી (બળદિયા), નાનજી હરજી હીરાણી (ફોટડી), વાઘજી હરજી હીરાણી (ફોટડી), કાન્તિ કેશરા ભુડિયા (ફોટડી), દેવશી કુરજી ખેતાણી (સુખપર), દિનેશ હરજી વરસાણી (માનકુવા), જાદવા માવજી વાઘાણી (સુખપર), હરીશ રામજી હીરાણી (બળદિયા), હીરજી શીવજી વેલાણી (સુખપર), કરસન જીણા વાઘાણી (સુખપર), રોહિત ભીમજી વરસાણી (સામત્રા), અશ્વિન પટેલ, શામજી વેલજી ભુડિયા (સુખપર), લક્ષ્મણ કરસન હીરાણી (મેઘપર), કરસન ગાંગજી વરસાણી (સામત્રા), અરવિંદ કલ્યાણ વેકરીયા (બળદિયા), કુંવરજી કલ્યાણ વરસાણી (સુખપર), પ્રેમજી કાનજી વેકરીયા.

## બોલ્ટન : શ્રીરામનવમી-શ્રીહરિ જયંતી

બોલ્ટન મંદિરમાં તા. ૧૨-૪-૨૦૧૧, મંગળવારે શ્રી રામનવમી તથા શ્રીહરિ જયંતી ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો.

આ ઉત્સવમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના જન્મની આરતીનો સૌથી ઊંચો આંક આપી ગામ નારાણપરના અ.નિ. વેલજીભાઈ કરસન પિંડોરીયા તથા દેવબાઈ વેલજી પિંડોરીયા હ. નારાણભાઈ વેલજી પિંડોરીયાએ પ્રથમ આરતી ઉતારવાનો લાભ લીધો.

બીજી આરતીનો લાભ ગામ ફોટડીના હાલે મોમ્બાસા નિવાસી કેશવજીભાઈ પ્રેમજી ભુડિયાએ લીધો હતો. ત્યારબાદ સૌ હરિભક્તોએ ભેગા મળીને રાસોત્સવનું આયોજન કરેલ.

- અહે. : મનજીભાઈ ગાંગજી હાલાઈ (પ્રમુખ)

## બોલ્ટન : સપ્તાહ પારાયણ

ભુજ મંદિરના મહંત સ્વામી સ.ગુ.પુ. ધર્મનંદનદાસજીના શુભ આશીર્વાદથી શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર બોલ્ટનમાં તા. ૨૫-૪-૨૦૧૧ થી તા. ૧-૫-૨૦૧૧ સુધી શ્રીમત્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણનું આયોજન અ.નિ. દાદાબાપા વિશ્રામભાઈ હરજી દેવશી ખીમાણી,

દાદીમા અ.નિ. રતનબાઈ વિશ્રામ ખીમાણી, પતિદેવ અ.નિ. માવજીભાઈ વિશ્રામ ખીમાણી, અ.નિ. કલ્યાણ વિશ્રામ ખીમાણીની પુણ્યસ્મૃતિમાં તથા શ્રીહરિની પ્રસન્નતાર્થે કરવામાં આવ્યું. યજમાન ગામ દહીંસરા હાલે બોલ્ટન નિવાસી ગં.સ્વ. માનબાઈ માવજી ખીમાણી, સુપુત્ર કાન્તિલાલ, ખીમજી, જીતેન્દ્ર તથા સુપુત્રી રસીલાબેન, તારાબેન અશ્વિન રહ્યા હતા.

કથાનું રસપાન ભુજથી પધારેલ વિદ્વાન સંતોમાં શા. સ્વામી પરમહંસદાસજી તથા શા. સ્વામી સંતસ્વરૂપદાસજીએ તેમની સરળ ભાષામાં કથા સંભળાવી ભક્તજનોને આનંદિત કર્યા હતા.

તા. ૨૬-૪-૨૦૧૧ના અમદાવાદથી પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા. તેઓશ્રીનું વાજતે-ગાજતે સ્વાગત કરવામાં આવ્યું. તા. ૨૭-૪-૨૦૧૧ ના પ.પૂ. લક્ષ્મીસ્વરૂપા મોટાં ગાદીવાળાશ્રી પધાર્યા હતાં. સળંગ છ દિવસ સુધી સભામાં ભક્તોને દર્શનનો લાભ આપ્યો.

તા. ૨૮-૪-૨૦૧૧ ના એકદાશીના દિવસે સવારે સમુહ મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં પૂ. મોટા મહારાજશ્રીએ પધારી આરતી ઉતારી હતી અને ભક્તજનોને આશીર્વાદ આપ્યા.

તા. ૨૯-૪-૨૦૧૧ ના સાંજે પૂ. મોટા મહારાજશ્રીના ૬૭ મા જન્મદિવસ નિમિત્તે યજમાનશ્રી તથા શ્રી સ્વામિનારાયણ યુવક મંડળ તરફથી રાસોત્સવનું આયોજન રાખેલ હતું. જેમાં પૂ. મોટા મહારાજશ્રી તથા પૂ. ગાદીવાળાએ પધારી ભક્તોને આનંદિત કર્યા હતા.

તા. ૩૦-૪-૨૦૧૧, શનિવારના સાંજે યજમાન પરિવાર તરફથી સભામાં દરેક ભક્તોને પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે કપડામાં છપાયેલ શ્રી નરનારાયણદેવની મૂર્તિ તથા વાટકી, કંઠી પહેરામણી આપવામાં આવી હતી. ત્યારબાદ ભોજનપ્રસાદ લીધાબાદ ભવ્ય સંગીતનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં વિલ્સડન મંદિરના યુવાનોએ ભાગ લીધો હતો.

તા. ૧-૫-૨૦૧૧ ના કથા બાદ પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વચન તથા સ.ગુ. સ્વામી ભગવદ્જીવનદાસજી સ્વામીએ યજમાન પરિવારને આશીર્વાદ પાઠવ્યા હતા. કથા પૂર્ણાહુતિની આરતી બાદ સર્વે ભક્તોજનોએ મહાપ્રસાદરૂપી ભોજન લીધું હતું.

- અહેવાલ : કાંતિલાલ માવજી ખીમાણી

## સ્ટેનમોર : પાંચમો વાર્ષિક પાટોત્સવ

શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી નરનારાયણદેવ, શ્રી રાધાકૃષ્ણદેવ આદિ દેવોના પાંચમા વાર્ષિક પાટોત્સવની શુભ શરૂઆત તા. ૨૧-૫-૨૦૧૧, શનિવારથી થઈ. સાંજે મંદિરના ચોગાનમાંથી પોથીયાત્રા કરવામાં આવી હતી. રવિવાર તા. ૨૨-૫-૨૦૧૧ ના સવારના પૂજનવિધિ ગામ સામત્રાના કરસનભાઈ કલ્યાણ વરસાણી તથા અ.નિ. કેશરબાઈ કરસન વરસાણી પરિવાર તથા ગામ ફોટડીના ગં.સ્વ. ધનબાઈ માવજી ભુડિયા તથા અ.નિ. હીરજીભાઈ માવજી ભુડિયા તથા અ.નિ. દેવજીભાઈ કુંવરજી વરસાણીના યજમાનપદે કરવામાં આવી. પારાયણના વક્તાપદે ભુજથી પધારેલ સંતો રહ્યા હતા.

સવારના સત્રમાં સ.ગુ. મુક્તાનંદસ્વામી વિરચિત 'કપિલ ગીતા' તથા સાંજના સત્રમાં 'સત્સંગ શિરોમણી' શાસ્ત્રનું વાંચન કરવામાં આવતું હતું. દરરોજ સાંજે કથા બાદ પ્રસાદરૂપી ભોજન સર્વે હરિભક્તોને પીરસવામાં આવતું હતું.

શુક્રવાર, તા. ૨૭-૫-૨૦૧૧ ના સાંજની કથા બાદ રાસોત્સવ રમવામાં આવેલ. શનિવાર, તા. ૨૮-૫-૨૦૧૧ ના સાંજે ઠાકરથાળી ઉત્સવ તેમજ ભક્તિસંગીતનો કાર્યક્રમ હતો તેમજ સવારના વહેલા મહાપૂજાનો પણ લાભ હરિભક્તોએ લીધો હતો. રવિવાર, તા. ૨૯-૫-૨૦૧૧ના સવારે ૭:૦૦ વાગ્યે સંતો દ્વારા પંચામૃત વડે ઘનશ્યામ મહારાજનો

અભિષેક થયો હતો. ૯:૦૦ વાગ્યે શણગાર આરતી થઈ અને પારાયણની શરૂઆત પછી ૧૦:૩૦ વાગ્યે અન્નકૂટ દર્શનની આરતી કરવામાં આવી હતી.

આરતી બાદ ધજારોપણ કરવામાં આવ્યું હતું. જેના યજમાન ઉછવણી કરીને લેવામાં આવ્યાં હતાં. જેના આંક મંદિરના યુવક મંડળના યુવકો તથા સાથે અન્ય હરિભક્તો મળીને ઊંચો આંક આપીને ધજારોપવાનો લાભ લીધો હતો.

સાંજની કથા બાદ બાર બી ક્યુ નો પ્રોગ્રામ મંદિરના વિશાળ બાગમાં કરવામાં આવ્યો હતો.

તા. ૩૦-૫-૨૦૧૧, સોમવાર પારાયણ સમાપ્તિના સમયે હરિભક્તોની ભીડ જામી હતી. અગિયાર વાગ્યે કથા વિરામ પામી પછી વ્યક્તિવિશેષના સ્વાગત કરાયા હતા. યજમાનોને પહેરામણી કરવામાં આવી હતી. સ.ગુ. સ્વામી ભગવદ્જીવનદાસજીએ આશીર્વચન પાઠવ્યા હતા અને પ્રમુખ દ્વારા આભારવિધિ કરી સભા વિસર્જન થઈ હતી. ૧૨ વાગ્યા બાદ ફન ડેનો કાર્યક્રમ રાખવામાં આવેલ. બાઉન્સીંગ કાસલની વ્યવસ્થા કરાઈ હતી.

## ઈસ્ટલંડન : વિવિધ ઉત્સવો

તા. ૨૬-૩-૨૦૧૧, શનિવારે કુ. જયના દેવજીભાઈ રામજી હીરાણી પરિવાર, ગામ બળદિયાવાળા તરફથી (જયનાની વર્ષગાંઠ નિમિત્તે) ઠાકરથાળી ઉત્સવ.

તા. ૧૦-૪-૨૦૧૧, રવિવારે દિશાબેન, રસિકાબેન, કિશન રવજી શામજી શીયાણી પરિવાર ગામ માનકુવાવાળા તરફથી ઠાકરથાળી ઉત્સવ.

તા. ૧૨-૪-૨૦૧૧, મંગળવારે શ્રી રામનવમી તથા શ્રીસ્વામિનારાયણ જયંતી ધામધૂમથી ઉજવવામાં આવ્યા.

તા. ૨૩-૪-૨૦૧૧, શનિવારે પ.ભ. વીરજીભાઈ વેલજી વેકરીયા, ભત્રીજા દિપેશ, નિમેશ, રોહિતભાઈ શાંતિભાઈ વેલજી વેકરીયા પરિવાર ગામ બળદિયાવાળા તરફથી ઠાકરથાળી ઉત્સવ ઉજવવામાં આવેલ.

તા. ૨-૫-૨૦૧૧ સોમવારે પ.પૂ. મોટાં ગાદીવાળા શ્રી ઈસ્ટલંડન મંદિરે બપોર પછી દર્શને આવેલ. બહેનોની સુંદર સત્સંગસભાનું આયોજન કરવામાં આવેલ.

- અહેવાલ : અરવિંદભાઈ વેકરીયા (મંત્રી)

## ઈસ્ટલંડન : ઠાકરથાળી

શ્રી નરનારાયણદેવ ભુજ નૂતન મંદિરે સર્વે દેવોના પ્રથમ પાટોત્સવ તથા શ્રી રાધાકૃષ્ણદેવ શતાબ્દી મહોત્સવ પ્રસંગે શ્રી ક. સ. સ્વામિનારાયણ મંદિર-ઈસ્ટલંડન મધ્યે તા. ૮-૫-૨૦૧૧, રવિવાર, વૈશાખ સુદ ૫ના ભવ્ય ઠાકરથાળી ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે ભુજ મંદિરના સંતો સાં.યો. બહેનોને રસોઈ અર્પણ કરવામાં આવી.

તા. ૨૨-૫-૨૦૧૧, રવિવારના મેઘપર ગામના યજ્ઞ નિમિત્તે ગામ મેઘપરના હરિભક્તો પ.ભ. કાનજીભાઈ નાનજી હીરાણી, પ.ભ. કરસનભાઈ નાનજી હીરાણી, પ.ભ. દિનેશ નાનજી હીરાણી, પ.ભ. મનિષભાઈ કાનજી હીરાણી, પ.ભ. લક્ષ્મણભાઈ કરસન હીરાણી પરિવાર તરફથી ઠાકરથાળી ઉત્સવનું આયોજન કરવામાં આવેલ.

તા. ૨૮-૫-૨૦૧૧ ના પ.ભ. ડાહ્યાભાઈ રૂપાભાઈ વરૂ પરિવાર (ગામ જુરાગઢવાળા) તરફથી શ્રી ઈસ્ટલંડન મંદિરે ચાલતી ગુજરાતી શાળાના તમામ બાળકોને સાંજે પ્રસાદરૂપી નાસ્તો આપવામાં આવેલ.


**જય શ્રી સ્વામિનારાયણ**

# શ્રી સ્વામિ. ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૧૦૧/- ઘનશ્યામ કાંતિલાલ કરસન ધનાણી-સુખપર ચિ. ઘનશ્યામના જન્મદિવસ નિમિત્તે ભેટ.
૧૦૫/- તેજેનભાઈ ધારશીભાઈ સોની - રસલીયા ચિ. મિતના જન્મ નિમિત્તે ભેટ.
૧૦૦/- નારાણભાઈ હરજીભાઈ વરસાણી-વાડાસર નવી બાઈક ખરીદી તે નિમિત્તે ભેટ.
૫૦૧/- વિશ્રામ કેશવજી ભુડિયા-માધાપર કથા પારાયણ નિમિત્તે ભેટ.
૨૦૧/- હરિભાઈ નાનજીભાઈ પટેલ (ગોગારી)-બોઈસર સુપુત્રી ચિ. દક્ષાને ત્યાં પુત્રના જન્મ નિમિત્તે ભેટ.
૧૫૧/- શરદ રામજી રાઘવાણી હ. રામજી મનજી-બોલ્ટન લગ્ન પ્રસંગે ભેટ.
૫૦૦/- મંજુલાબેન સુરેશભાઈ નારદાણી, ધનુબેન દેવજી ટાપરીયા-કેરા દ્વિતીય મહિલા શિબિર નિમિત્તે ભેટ.
૧૧૧૧/- શિવજી ધનજી પિંડોરીયા (માસ્તર)-માધાપર નૂતન મંદિરમાં રાધાકૃષ્ણદેવ શતાબ્દી મહોત્સવ નિમિત્તે ભેટ.
૨૨૨/- શિવજી ધનજી પિંડોરીયા-માધાપર
૧૦૦/- પરેશભાઈ નટવરલાલ રાવલ-પુના પુનામાં ભુજના સંતોની હાજરીમાં સત્સંગસભા થઈ તે નિમિત્તે ભેટ.
૨૫૧/- સુનિલભાઈ જે. મહેતા-પુના ભુજથી સંતો પધાર્યા અને સત્સંગ લાભ આપ્યો તે નિમિત્તે ભેટ.
૧૨૧/- ગોકુલભાઈ પટેલ-પુના રાધાકૃષ્ણદેવ શતાબ્દી મહોત્સવ નિમિત્તે ભેટ.
૨૫૧/- ભરત રામજી વરસાણી-માધાપર હાલે લંડન જન્મદિન નિમિત્તે ભેટ.
૫૦/- ચંદ્રપ્રકાશભાઈ ધનજીભાઈ જેઠી-ભુજ જન્મદિવસ નિમિત્તે ભેટ.
૫૦૧/- અ.નિ. કલ્યાણભાઈ નાનજીભાઈ ધનાણી, અ.નિ.ધ.પ. રતનબાઈ-સુખપર હ. ધનજીભાઈ જાદવાભાઈ કથાપારાયણ નિમિત્તે ભેટ.
૨૦૦/- સ્નેહા જાદવા કેશરા ઠાકરાણી-બળદિયા ઉ.વા. શ્રી સ્વામિ. ગુરુકુલ-નારાણપરમાં ૯૭%થી પાસ થતાં ભેટ.
૧૦૦૦/- શ્રી ક. સ. સ્વામિનારાયણ મંદિર-ઈસ્ટલંડન શ્રી રાધાકૃષ્ણદેવ શતાબ્દી મહોત્સવ ભુજ નિમિત્તે ભેટ.
૫૦/- મયુરભાઈ ઉમાકાંત જેઠી-અંજાર શ્રી રાધાકૃષ્ણદેવ શતાબ્દી મહોત્સવ ભુજ નિમિત્તે ભેટ.
૫૦/- ભાનુભાઈ મનજીભાઈ ચૌહાણ-ઉપલેટા શ્રી રાધાકૃષ્ણદેવ મહોત્સવ નિમિત્તે ભેટ.
૧૦૧/- રત્ના ભીમજી સેંઘાણી-માધાપર જન્મદિવસ નિમિત્તે ભેટ.
૧૦૧/- રતનબેન રત્ના સેંઘાણી-માધાપર જન્મદિવસ નિમિત્તે ભેટ.
૨૫૦/- જાદવજીભાઈ હરજીભાઈ હાલાઈ-માધાપર નવું મકાન બનાવ્યું તે નિમિત્તે ભેટ.
૫૦૦/- દેવજી લાલજી વરસાણી-ભક્તિનગર શ્રી રાધાકૃષ્ણદેવ શતાબ્દી મહોત્સવ ભુજ નિમિત્તે ભેટ.
૨૫૧/- ભીમજી મુરજી ભુડિયા-માધાપર શ્રી રાધાકૃષ્ણદેવ શતાબ્દી મહોત્સવ ભુજ નિમિત્તે ભેટ.
૧૦૦/- દયારામભાઈ ઠક્કર-ભુજ શ્રી રાધાકૃષ્ણદેવ શતાબ્દી મહોત્સવ ભુજ નિમિત્તે ભેટ.
૧૦૦/- ભીમજી લાલજી વાલાણી-બળદિયા (ની.વા.) નવી વાડી શરૂ કરી તે નિમિત્તે ભેટ.
૫૦૦/- કેતનભાઈ ગોપાલ દેવશી વેકરીયા-બળદિયા-લંડન સુપુત્ર આર્યન તથા સુપુત્રી આર્યાના જન્મ નિમિત્તે ભેટ.
૫૦૧/- મહેન્દ્ર જાદવજી ભુડિયા-માધાપર સુપુત્ર ચિ. હિરેનના જન્મદિવસ નિમિત્તે ભેટ.
૫૦૦/- મેહુલકુમાર વિજયભાઈ ગોગારી-નડિયાદ નાગપુર મુકામે તેમનું સગપણ થતાં તે નિમિત્તે ભેટ.
૧૦૦/- સાક્ષી મનિષા નીતિન છેડા-સામખીયાળી હાલે મુંબઈ જન્મદિવસ નિમિત્તે ભેટ.
૧૦૦/- ધ્રુવ મનિષા નીતિન છેડા - સામખીયાળી હાલે મુંબઈ જન્મદિવસ નિમિત્તે ભેટ.
૧૦૦/- યાદી વૈશાલી રમેશ છાડવા-લાકડીયા હાલે મુંબઈ જન્મદિવસ નિમિત્તે ભેટ.
૧૦૦/- મંજીલ વંદના વિજય વધાણ-આધોઈ હાલે મુંબઈ જન્મદિવસ નિમિત્તે ભેટ.
૧૦૦/- નિશ્ચય અન્નપૂર્ણા સંજય નિસર ભચાઉ નવાગામ હાલે મુંબઈ જન્મદિવસ નિમિત્તે ભેટ.
૧૦૦/- કાવ્ય અન્નપૂર્ણા સંજય નિસર ભચાઉ હાલે મુંબઈ જન્મદિવસ નિમિત્તે ભેટ.

૧૫૦/- ગોપાલ રત્ના શિવજી વેલાણી - સુખપર નવું મકાન બનાવ્યું તે નિમિત્તે ભેટ.
૧૫૦/- હરિશ રત્ના શિવજી વેલાણી - સુખપર નવું મકાન બનાવ્યું તે નિમિત્તે ભેટ.
૫૧/- મનહરભાઈ જાદવજીભાઈ રાઠોડ - ભાવનગર રાધાકૃષ્ણદેવ શતાબ્દી મહોત્સવ ભુજ નિમિત્તે ભેટ.
૨૫૧/- બહાદુરસિંહ રામસંગજી જાડેજા - વાયોર (અકરીવાળા) નવું મકાન બનાવ્યું તે નિમિત્તે ભેટ.
૨૫૧/- ગોવિંદ કલ્યાણ હીરાણી-સુખપર રોહા સુપુત્ર ચિ. ભાવેશકુમારને ઓસ્ટ્રેલિયામાં રાઈટ મળી જવાથી ભેટ.
૨૫૦/- ગણેશભાઈ નાનજીભાઈ ઠક્કર-સાંચોર ચિ. સુપૌત્રી વંદનાના લગ્ન નિમિત્તે ભેટ.
૧૦૦/- માવજી લાલજી વરસાણી - સામત્રા શ્રી નરનારાયણદેવ પાટોત્સવ ભુજ નિમિત્તે ભેટ.
૨૫૧/- શશીકલાબેન કે. જાની - ભાવનગર શ્રી નરનારાયણદેવ પાટોત્સવ ભુજ નિમિત્તે ભેટ.
૫૦૧/- અનિલકુમાર ધનજીભાઈ તથા લતાબેન ધનજીભાઈ (આમારા હાલે કરખડી) ના લગ્ન પ્રસંગે ભેટ.
૫૦૦/- પ્રેમજી હરજી નાથા વરસાણી-સામત્રા, સામત્રા મંદિરના પાટોત્સવ નિમિત્તે ભેટ.
૫૧/- અક્ષય, પાર્થ હરેશકુમાર જેઠી - પરીક્ષામાં સારા ગુણાંકે પાસ થયા તે નિમિત્તે ભેટ.
૧૧૧/- બિંદુ ધનસુખ, હ. દાદા વાઘજીભાઈ વાલજી વેકરીયા-સુખપર ધો. ૨ માં બીજા નંબરે પાસ થતાં ભેટ.
૧૧૧/- વર્ષિલ પ્રવીણ, હ. દાદા વાઘજીભાઈ વાલજી વેકરીયા-સુખપર શાળામાં દાખલ થયા તે નિમિત્તે ભેટ.
૭૫૦૦/- અ.નિ. માવજીભાઈ વિશ્રામ ખીમાણી-દહીંસરા-બોલ્ટનની પુણ્યસ્મૃતિમાં સપ્તાહ પારાયણ નિમિત્તે ભેટ. હ. સુપુત્ર કાન્તિભાઈ
૧૧૦૦/- રમેશ હંસરાજભાઈ ખુથીયા-ભચાઉ નવાગામ લગ્નને ૨૮ વર્ષ પૂર્ણ થયાં તે નિમિત્તે ભેટ.
૫૦૦૦/- શ્રી સ્વામિનારાયણ મંદિર (ભાઈઓ તથા બહેનો)-મેઘપર મધ્યે મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે ભેટ.
૧૦૦૦/- દિપાંશુ દિનેશ ડબાસીયા-માનકુવા જન્મદિવસ નિમિત્તે ભેટ.
૫૦૦/- રામજી લાલજી કેરાઈ આદિ પરિવાર ગોડપર કથા પારાયણ નિમિત્તે ભેટ.
૧૦૦/- નંદન દેવજી પ્રેમજી જોધાણી-ભક્તિનગર (માનકુવા) જન્મદિવસ નિમિત્તે ભેટ.
૨૫૦/- રતિલાલ ધનજી રાબડીયા-બળદિયા દિકરી ડીમ્પલ ધો. ૧૧ સાયન્સમાં ઉચ્ચ ગુણાંકે પાસ થતાં ખુશાલી ભેટ.
૧૦૦/- અ.નિ. શા. ગોપીનાથદાસજી ગુરુ હરિકૃષ્ણદાસજી-વડતાલ ની સ્મૃતિમાં છ ધામમાં સંતોને રસોઈ નિમિત્તે ભેટ.
૧૫૦/- વાલજીભાઈ નાનજી ગોગારી-ઘડાણી ચિ. રોનક શાંતિલાલ ધો. ૭ માં સારા ગુણાંકે ઉત્તિર્ણ થતાં ભેટ.
૫૦૧/- જસીબેન લાલજી વેકરીયા હ. લાલજી કલ્યાણ વેકરીયા-કુંદનપર જસીબેનના શુભ લગ્ન નિમિત્તે ભેટ.
૩૦૧/- વાલજી શીવજી સેંઘાણી-નારાણપર ઉ.વા. સુપુત્ર ચિ. દિનેશની સગાઈ નિમિત્તે ભેટ.
૧૦૧/- દેવશી વીરજી ભુડિયા-સુરજપર સુપુત્રી ચિ. પ્રાપ્તિના જન્મદિવસ નિમિત્તે ભેટ.
૫૦૦/- લક્ષ્મણ કાનજી ગોરસીયા તેમજ શામજી કરસન ગોરસીયા-માધાપર ૧૧૪ મા વાર્ષિક પાટોત્સવ તેમજ પંચાહ્ન પારાયણ નિમિત્તે ભેટ.
૧૦૦/- કુંતી દેવજી જોધાણી-ભક્તિનગર (માનકુવા) જન્મદિવસ નિમિત્તે ભેટ.
૨૫૦/- મુરજી નાનજી હીરાણી ભક્તિનગર (માનકુવા) શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ.
૫૦૧/- ચંદુલાલ કાનજી સાંખલા-રવાપર હાલે કિકેરા(મૈસુર) વિદ્યાર્થી સંતોની પરીક્ષા (એમ.એ.સંસ્કૃત)નિમિત્તે.
૨૦૧/- પ્રિયાબેન મનજી શીયાણી-ભક્તિનગર એસ.એસ.સી.માં ૮૨% આવતાં શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ.
૧૦૦/- હરીશ આર. હીરાણી-સુખપર રોહા વાડીમાં કપાસ વાવ્યો તે નિમિત્તે શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ.
૫૦૦/- કરસન લાલજી કેરાઈ-બળદિયા હાલે કાર્ડિફ શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ.
૧૦૦/- વિજયપુરી ગોસ્વામી-ભુજ સુપુત્ર ચિ. સંદિપના લગ્નપ્રસંગે શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ.
૫૦/- રમેશ ધનજી ખેતાણી-ફોટડી શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ.
૧૦૦/- મુરજી નાનજી હીરાણી-ભક્તિનગર ઠાકોરજીને થાળ તેમજ સંતોને રસોઈ નિમિત્તે ભેટ.
૧૦૧/- હરેશ વાલજી પટેલ-રવાપર હાલે ઘાટકોપર સુપુત્રી ચિ. કિંજલને એસ.એસ.સી.માં ૯૧% આવતાં ભેટ

# ધામધૂમથી ઉજવાયેલ માનકુવા-જુનાવાસ શ્રી સ્વામિનારાયણ બહેનોના મંદિરમાં મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની આછી ઝલક



RNI NO. GUJGUJ/2001/5643 **Shree Swaminarayan Dharmasandesh** Regd. No. GKCH-158/2009-2011
WPP Lic No. G-PMG-RJT/011(Foreign)/2007-09 WPP Lic No. G-PMG-RJT/011/2007-09





































(૧-૨-૩) શ્રી ક.સ. સ્વામિનારાયણ મંદિર બોલ્ટનમાં અ.નિ. ખીમાણી પરિવારના આત્યંતિક મોક્ષાર્થે સપ્તાહપારાયણના દિવ્ય આયોજનમાં પ.પૂ. મોટા મહારાજશ્રી તથા ભુજધામના સંતો તેમજ મુખ્ય યજમાન કાન્તિભાઈ સાથે વિશાળ સંખ્યામાં ભક્તસમુદાય. (૪) શ્રી.ક.સ. સ્વામિનારાયણ મંદિર બોલ્ટનમાં શાકોત્સવના ઉત્સવમાં પ.પૂ. મોટા મહારાજશ્રી તતા યજમાન પરિવાર નારાણભાઈ પાચાણી. (૫) શ્રી ક.સ. શ્રી સ્વામિનારાયણ મંદિર મોમ્બાસા દ્વારા કેન્યાની સ્થાનિક પ્રજા માટે સેવાકીય પ્રવૃત્તિના ભાગરૂપે ગરીબોને સહાય સાથે વૃક્ષારોપણ કરતા સંતો સાથે ભક્ત સમુદાય. (૬) કોડકી ગામે, કોડકી ગંગાજી ઉપર શ્રી ગણેશજીના પાટોત્સવ નિમિત્તે સમગ્ર ગ્રામજનોની ઉપસ્થિતિમાં એક દિવસીય ઉજવણી. (૭-૮) શ્રી સ્વામિનારાયણ યુવક મંડળ પર્થ ઓસ્ટ્રેલિયાના યુવાનો તથા યુવતીઓની સત્સંગ શિબિરની સમૂહ તસ્વીર. (૯-૧૦) શ્રી સ્વામિનારાયણ સત્સંગભવન થાણેમાં પારાયણ પ્રસંગે સમૂહ મહાપૂજામાં ભાગ લેતા ભક્તો તથા બહેનો. (૧૧) શ્રી સ્વામિનારાયણ મંદિર સેલારીના પાટોત્સવ પ્રસંગે અભિષેક કરતા સંતો તથા યજમાન પ.ભ. લાલજીભાઈ દોષા. (૧૨) બેંગ્લોરમાં કચ્છ વાગડના સત્સંગીઓની પ્રથમ સભા ભુજ મંદિરના સંતો સાથે.